Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું ] [ અંક ૧૦ મો.

શ્રાવણ

પ્ર. સ. ૧૯૪૮ ૫ મી ઓગષ્ટ

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૪ મું<br>અંક ૧૦ મો. | શ્રાવણ | વીર સં. ૨૪૭૪<br>વિ. સં. ૨૦૦૪ |


## अनुक्रमणिका


૧. દિવ્ય પર્વ પર્યુષણા ... ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૨૩૧
૨. પર્વાધિરાજ પર્યુષણપર્વ ... ... ... ( રાજમલ ભંડારી ) ૨૩૨
૩. પર્યુષણ પર્વ અને ગણધરવાદ ...( શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ) ૨૩૪
૪. કર્મવાદ... ... ... ...( " ) ૨૩૬
૫. પર્યુષણા મહાપર્વ અને આપણું કર્તવ્ય ( મુનિશ્રી ન્યાયવિજયજી ત્રિપુટી ) ૨૩૯
૬. પર્યુષણ ... ... ( આ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૨૪૬
૭. એક અભૂતપૂર્વ ઘટના ... ... ( ગોકળલાલ દીપચંદ ચોકસી ) ૨૫૧
૮. એકાગ્રતા ... ... ... ...( શ્રી બાલચંદ હીરાચંદ ) ૨૫૫
૯. અનાકૃષ્ટિ ... ... . ( હીરાલાલ રસિકદાસ કાપડિયા ) ૨૫૮


## નવા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. | ગાંધી મણિલાલ ચત્રભુજ | લાઇફ મેમ્બર | મુલુંદ |
| ૨ | શ્રી શાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ<br>હઃ બહેન હરકોર ત્રિભોવન વોરા | " | શાંતાક્રુઝ |
| ૩. | શાહ દેવરાજ નેણશીભાઇ | " | માટુંગા |
| ૪. | રાવબહાદુર કેશવલાલ હીરાલાલ | " | " |
| ૫. | શાહ મૂળજીભાઇ દુર્લભદાસ | " | " |
| ૬. | શાહ કીરતિલાલ પ્રતાપશી | વાર્ષિક મેમ્બર | મુંબઇ |


### ભાવમાં કરેલો ખાસ ઘટાડો

### દેવસીરાઈ પ્રતિક્રમણ—સાર્થ.

આ પુસ્તકની કિંમત રૂા. સવા બે રાખવામાં આવી હતી પરન્તુ પ્રચારના દૃષ્ટિબિંદુથી તેની કિંમત ઘટાડવામાં આવી છે. આ પુસ્તકમાં શબ્દાર્થ, અન્વયાર્થ, ભાવાર્થ અને ઉપયોગી ફુટનોટ આપવામાં આવી છે. શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ અને રાજનગર ધાર્મિક પરીક્ષાનો કોર્સ પણ દાખલ કરવામાં આવ્યો છે. શુદ્ધિ ઉપર પૂર્ણ લક્ષ આપી વિદ્યાર્થીને ઉપયોગી થઇ પડે તેવી શૈલી રાખવામાં આવી છે. કિંમત રૂા. ૧-૧૨-૦ આજે જ લખો—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું.
અંક ૧૦ મો

: શ્રાવણ :

વીર સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪

## દિવ્ય પર્વ પર્યુષણા

( રાગ—તમને ધરે નહીં આવું કાન્હ, તમને ધરે નહીં આવું. )

પર્યુષણા પુણ્યકારી આજ, પર્યુષણા પુણ્યકારી;
એ ભવભંજનકારી આજ, પર્યુષણા પુણ્યકારી. એ ટેક.

લોકોત્તર આ પર્વ અનેરું, સાધકને માંગલ્યકારી;
પાંચ પ્રકારની સાધના સાધી, સુખના થયા અધિકારી. આજ૦ ૧
પ્રવચન અંજન સદ્‌ગુરુકેરા, અજ્ઞાનતિમિરને ટાળે;
જ્ઞાનદીપકના પૂર્ણ પ્રકાશે, ભવિ જન સાધ્યને સાધે. આજ૦ ૨
શાસ્ત્રશ્રવણથી બુદ્ધિની શુદ્ધિ, વળી શલ્યનો બંધ તોડે;
એકવીશ વારના કલ્પશ્રવણથી, જીવને શિવપદે જોડે. આજ૦ ૩
દ્વાદશ ભેદે તપ તપીને, સમ સંવેગાદિ ધરતા;
મોહની ક્ષીણતા એમ કરીને, આત્મવિકાસે વળતા. આજ૦ ૪
નાગકેતુના ભાવસ્મરણથી, અઠમ તપ આદરતા;
કઠણ કર્મના બંધનો તોડી, સ્વભાવે શિવપદ વરતા. આજ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible] ભાવના શુદ્ધ [illegible], આ આઠે દિન [illegible];
ક્ષણે ક્ષણે ઉપયોગ ને યત્ના, જૈનો કદી ન વિસારે. આજ૦ ૬
અમારી પાલનમાં જીવદ્રવ્ય ભેદે, લાગણી કદી ન લગની;
મન વચન ને કાયાના યોગે, સ્વરૂપની થાય બદલી. આજ૦ ૭
સ્વામીવાત્સલ્યનું મૂલ્ય છે મોટું, ભાખ્યું શ્રી ભગવંતે;
સુપાત્રદાનનો અપૂર્વ લ્હાવો, લીધો હશે પુણ્યવંતે. આજ૦ ૮
ચૈત્યપરિપાટીમાં ચૈતન્ય ઘણો, સહજ સ્વરૂપે નીરખતા;
મોક્ષગતિના આ જ્યોતિર્ધરોને, ઠામે ઠામે બહુ વજતા. આજ૦ ૯
પૂજન અર્ચન વંદન નિમિત્તમાં, પ્રગટે કદી શુભ ભાવો;
આત્મશુદ્ધિની પ્રાપ્તિ મળતાં, સદ્ગતિનો થાય લ્હાવો. આજ૦ ૧૦
વિશ્વબંધુત્વની ભાવના ભાવો, વૈર વિરોધને ટાળી;
રાગદ્વેષની પરિણતિ બદલી, કષાય દળને હઠાવી. આજ૦ ૧૧
કર્મમળનાં નિબિડ દળિયાં, બાંધ્યાં જીવે અનેક;
ભવસાગરમાં ભમતાં ભમતાં, ન રાખ્યો કાંઇ વિવેક. આજ૦ ૧૨
પર્યુષણાના આ અષ્ટ દિવસો, ધન્ય જીવનને ગણતા;
સાર્થક કરવા ઉદ્યુક્ત બનતા, તે નવ નિધિ વરતા. આજ૦ ૧૩
સાત પ્રકારે યત્નાને સેવો, આ કલ્પ મહિમા વિચારો;
છદ્મસ્થ ભાવે કરેલા દોષો, ક્ષમા માગીને નિવારો. આજ૦ ૧૪
પ્રત્યેક સમયે શુભ ધર્મને, વિચારે જૈન જનતા;
દુઃખી જનોના દુઃખને હરવા, રાખે સદા તત્પરતા. આજ૦ ૧૫
સમાજ રક્ષા ધર્મ રક્ષા, તીર્થ રક્ષા અપનાવો;
પર્યુષણાના આ આદેશો, ઘેર ઘેર પ્રગટાવો. આજ૦ ૧૬
પર્વાધિરાજની શુભ કરણીમાં, જ્ઞાનનો ભળે વિવેક;
સારાસારનો ભેદ પ્રગટતાં, થાયે લાભ અનેક. આજ૦ ૧૭
દેશસેવાની પ્રખર પ્રતિજ્ઞા, અદ્ભુત ભાવે જે લેતા;
વાણી વિચાર ને વર્તન ઐક્યે, આઝાદીમાં શૂર હતા. આજ૦ ૧૮
તત્ત્વવેત્તા કોઇ જૈન જગતને, વહેમી ન વેવલું ધારે;
આ શિક્ષિત દૃષ્ટિ સમક્ષ રાખી, પ્રણાલિકા સુધરાવે. આજ૦ ૧૯
અષ્ટાહ્નિકા પર્વ ઉજવે દેવો, નંદી દ્વીપમાં ઉલ્લાસે;
આ દિવ્યાનંદ પર્વ મળ્યું છે, એ આપણા સદ્ભાગ્યે. આજ૦ ૨૦
આ મુક્તિ પર્વના અપૂર્વ ભાવો, આપે દેવી આદેશ;
"જૈન ધર્મ પ્રકાશ" માટે, આપો સાચી ખ્યાલ લેશ. આજ૦ ૨૧

રચયિતા—મગનલાલ મોતીચંદ શાહ—વઢવાણ કેમ્પ

## ॥ पर्वाधिराज पर्यूषनपर्व ॥

मनाये पर्व पर्यूषन, जो बन महेमान आयेंगे ।
शिरोमणी सर्व पर्वो में, महाश्रेष्ठ कहायेंगे ॥ १ ॥



For Private And Personal Use Only

... करेंगे कार्य बहुतेरा।
नहीं आते कभी मन्दिर, उन्हों को भी बुलायेंगे ॥ २ ॥
करें स्वागत प्रथम इनका, नगारी पटह बजवा के।
बचा कर प्राण जीवों के, अभय उनको बनायेंगे ॥ ३ ॥
स्वतंत्रता की लहरसे, सब बहावें भेदभाव को।
परस्पर प्रेम से पर्व, पर्यूषण का मनायेंगे ॥ ४ ॥
करें प्रारंभ नाटक से, सवेरे पांच बजे उठकर।
प्रभु महावीर की वाणी, प्रभात फेरी सुनायेंगे ॥ ५ ॥
प्रभु महावीर जिन्होंने, किया विध्वंस अघों का।
सभी को सुख पियारा है, यही वाणी गुंजायेंगे ॥ ६ ॥
न मानो धर्म हिंसा में, अहिंसा धर्म उत्तम है।
सभी जीवों को यह वल्लभ, यही नारे लगायेंगे ॥ ७ ॥
निकालें नित्य प्रोसेसन, प्रभु की श्रेष्ठ पूजा का।
धरमप्रेमी धरम के रंग से, सब ही रंगायेंगे ॥ ८ ॥
बड़ी ही श्रेष्ठ प्रोसेसन, फरकती जैन ध्वज उत्तम।
बजा कर जैन बेन्ड को, इन्द्रध्वज आगे चलायेंगे ॥ ९ ॥
मनावे सुरलोक में इन्द्र, प्रभु के जन्म महोत्सव को।
प्रभु के जन्म वांचनदिन, महोत्सव को मनायेंगे ॥ १० ॥
संवत्सरीपर्व दिन में सब, करेंगे आत्म को उज्वल।
भूला कर वैर भावों को, गले सब को लगायेंगे ॥ ११ ॥
यही एक पर्व ऐसा है, हटाता कषाय कलुषित को।
बनाता आत्म को निर्मल, क्षमा सच्ची कहायेंगे ॥ १२ ॥
दीक्षा दे वीर अनुयायी, संवत्सरी पर्व का महात्म्य।
सभी हम भाई भाई हैं, यही जग को जतायेंगे ॥ १३ ॥
विनय गुरु देव से करते, हटादो वाडाबन्दी को।
मिलो सब प्रेमसे गुरुवर, यही सब दिलसे चाहेंगे ॥ १४ ॥
प्रभु महावीर अनुयायी, रसिक जग को बना करके।
पीलावें जैनतत्त्वामृत, तभी जैनत्व बढायेंगे ॥ १५ ॥
लगी है प्यास जैनत्व की, विश्व के मुख पूर्वों को।
यह त्रुटी पूर्ण ही करना, तभी गौरव बढायेंगे ॥ १६ ॥
समय है आगे बढ़ने का, मगर हम जा रहे पीछे।
द्रव्य क्षेत्र काल भाव को लक्ष कर, कदम आगे बढायेंगे ॥ १७ ॥
इसी में शोभा शासन की, व कार्यकर्ता के कार्यपटुता की।
समय पहचान कर के अब, जैन ध्वज फरकायेंगे ॥ १८ ॥
सभी को ध्वज का गौरव है, हमे भी चाहिये ऐसा।
हमारे जैन ध्वज नीचे, 'राज' जग को लायेंगे ॥ १९ ॥
राजमल भंडारी—आगर (मालवा)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पर्युषण पर्व અને गणधरवाद

લેખક-શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી

પર્યુષણ પર્વમાં શ્રી કલ્પસૂત્રની વાંચના થાય છે. કલ્પસૂત્રની વાંચનામાં શ્રી મહાવીર ભગવાનનું ચરિત્ર સવિસ્તર વાંચવામાં આવે છે. તેમાં શ્રી મહાવીર ભગવાને કેવળજ્ઞાન પામ્યા પછી ઇંદ્રભૂતિ આદિ ગણધરો સાથે તાત્વિક વિષયોની જે ચર્ચા થઇ, અને ભગવાને તેઓના મનના જે સંશયો દૂર કર્યા તે સૂત્ર અને વૃત્તિમાં વર્ણવવામાં આવ્યા છે, તેને **ગણધરવાદ** કહેવામાં આવે છે. ગણધરવાદમાં અગિયાર જૂદા જૂદા મહત્વના મૂળભૂત તાત્વિક અને ધાર્મિક વિષયોની ચર્ચા છે:—

(૧) આત્માના અસ્તિત્વની ચર્ચા છે, એટલે આત્મા એક સ્વતંત્ર તત્વ છે કે જડવાદી માને છે તેમ જડ પુદ્દગલમાંથી ઉત્પન્ન થતો એક વિકાર માત્ર છે. આ પ્રથમ વાદમાં ભગવાને આત્માનું સ્વતંત્ર વ્યક્તિત્વ સ્થાપિત કરેલ છે.

(૨) બીજા ગણધરવાદમાં 'કર્મ' છે કે નહિ એ શંકાને ઊભી કરી 'કર્મ'નું સ્વતંત્ર તત્વ સાબિત કરેલ છે.

(૩) ત્રીજા ગણધરવાદમાં શરીર એ જ જીવ છે કે શરીરથી ભિન્ન જીવ છે તેની ચર્ચા કરી, જીવને શરીરથી ભિન્ન સિદ્ધ કરેલ છે.

(૪) ચોથા ગણધરવાદમાં પંચમહાભૂત અથવા પુદ્દગલ (matter)ની સ્વતંત્ર સત્તાની શંકા ઊભી કરી, પુદ્દગલ-પંચમહાભૂત (matter)નું સ્વતંત્ર અસ્તિત્વ સાબિત કરેલ છે. આ ચર્ચામાં બૌદ્ધોનો વિજ્ઞાનવાદ અને વેદાંતનો માયાવાદ પૂર્વપક્ષ તરીકે મૂકવામાં આવ્યો છે, અને તેનો હ્રાસ કરવામાં આવ્યો છે. અર્થાત્ જૈન દર્શન એકાંત ચૈતન્યવાદી (Idealist) કે વિજ્ઞાનવાદી નથી, પણ ચૈતન્ય અને જડ બંને પદાર્થોને સ્વતંત્ર માનનાર વાસ્તવવાદી (Realist) છે એવું સાબિત કરેલ છે.

(૫) આ ભવમાં એક પ્રાણી મનુષ્યાદિ જે ગતિમાં જેવો હોય તેવો જ પરભવમાં થાય કે કેમ તે શંકા કેટલાક વેદવાક્યો ઉપરથી ઊભી કરી તે શંકાનો નિરાસ પાંચમા ગણધરવાદમાં કરવામાં આવ્યો છે. આધુનિક વિકાસવાદ (theory of evolution) કહે છે કે-મનુષ્યનો ઉત્તરોત્તર વિકાસ થાય છે. આ વાદ પણ યથાર્થ નથી, અને કોઇ પ્રાણી કે મનુષ્ય પોતાના આ ભવના કે પાછલા ભવના કર્માનુસાર ઉચ્ચ નીચ ગતિ પામે છે એવું આ પાંચમા ગણધરવાદમાં પ્રતિપાદન કરવામાં આવેલ છે.

(૬) છઠ્ઠા ગણધરવાદમાં જીવને બંધ મોક્ષ વસ્તુતઃ છે કે નહિ એ સવાલ ઊભો કરવામાં આવ્યો છે. સાંખ્યદર્શન પુરુષ અને પ્રકૃતિ બે તત્વોને માને છે. પુરુષને નિર્લેપ અથવા અકર્તા, અભોક્તા માને છે. આ વાદમાં સાંખ્યદર્શનના મંતવ્યનો નિરાસ કરી આત્માને કર્તા તથા ભોક્તા પ્રતિપાદન કરવામાં આવેલ છે. અને કર્તા તથા ભોક્તા આત્મા હોવાથી તેના બંધ મોક્ષ સિદ્ધ કરવામાં આવ્યા છે.

(૭-૮) સાતમા અને આઠમા વાદમાં દેવો અને નારકોનું અસ્તિત્વ સાબિત કરવામાં આવેલ છે.



For Private And Personal Use Only

( ૯ ) નવમા ગણધરવાદમાં પુણ્ય અને પાપને સ્વતંત્ર તત્ત્વો તરીકે સાબિત કરવામાં આવ્યા છે. પુણ્ય અને પાપ એક જ તત્ત્વ છે, મિશ્ર તત્ત્વ છે અથવા તત્ત્વ નથી, પણ વસ્તુનો સ્વભાવ અથવા એક ગુણમાત્ર છે એવી જુદી માન્યતાઓનો નિરાસ કરવામાં આવ્યો છે.

પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનીઓ દુઃખના અસ્તિત્વ( problem of evil )નો સવાલ જે વિચારદૃષ્ટિએ ચર્ચે છે તે સવાલ અહીં સંપૂર્ણ રીતે ચર્ચીને દુઃખનું વાસ્તવિક સ્વરૂપ આ વાદમાં બતાવવામાં આવેલ છે.

( ૧૦ ) દશમા ગણધરવાદમાં પરલોકનું અસ્તિત્વ સાબિત કરવામાં આવેલ છે, અને આ એક જ ભવમાં જીવન પૂરું થાય છે તે માન્યતાનો વિરોધ કરવામાં આવ્યો છે.

( ૧૧ ) અગિયારમા વાદમાં મોક્ષનું સ્વરૂપ બતાવવામાં આવેલ છે.

ઉપર પ્રમાણે ગણધરવાદમાં તત્ત્વજ્ઞાન અને ધર્મના મૌલિક સિદ્ધાંતો જૂદા જૂદા દર્શનો સાથે તુલના કરી જૈન દૃષ્ટિએ દલીલો સાથે પ્રતિપાદન કરવામાં આવ્યા છે.

પર્યુષણના વ્યાખ્યાનોમાં ટીકાને આધારે ગણધરવાદનું પણ વાંચન કરવામાં આવે છે. પરંતુ મર્યાદિત દિવસોમાં બધા વ્યાખ્યાનો પૂરાં કરવાનાં હોવાથી ગણધરવાદમાં ચર્ચવામાં આવેલ વિષયોનું ફક્ત દિગ્દર્શન કરાવવામાં આવે છે. વળી વ્યાખ્યાન સાંભળનારાઓનો મોટો ભાગ આવા તાત્ત્વિક સવાલોથી અપરિચિત હોઇ, આ વિષયમાં શ્રોતાઓ ઓછો રસ લે છે. એટલે પણ વ્યાખ્યાનકારને સંક્ષેપ કરવો પડે છે. વળી આવા તાત્ત્વિક સવાલો સમજવાની અને સમજાવવાની શક્તિ પણ ઓછા વ્યાખ્યાનકારોમાં હોય છે. એટલે પણ આ વિષયને જોઇએ તેટલું સ્થાન આપવામાં આવતું નથી.

ગણધરવાદનું યથાસ્થિત સ્વરૂપ સિદ્ધાંત અને ન્યાયની દૃષ્ટિએ જૂદા જૂદા દર્શનોની માન્યતાઓ સાથે તુલના કરી સાદા સરલ પણ સ્પષ્ટ ચોક્કસ ભાષામાં વિશેષઆવશ્યક સૂત્રમાં આપવામાં આવેલ છે. આવશ્યકસૂત્ર ચાર મૂળસૂત્ર પૈકીનું એક ઘણું અગત્યનું સૂત્ર છે. તેના ઉપર શ્રી ભદ્રબાહુસ્વામીએ પ્રાકૃત ગાથામાં નિર્યુક્તિ લખેલ છે. આ નિર્યુક્તિ ઉપર શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે પ્રાકૃત ગાથામાં સવિસ્તર ભાષ્ય રચેલ છે. આ ભાષ્યને વિશેષઆવશ્યક ભાષ્ય કહેવામાં આવે છે. આ ભાષ્ય ઉપર સંસ્કૃતમાં મલધારી હેમચંદ્રાચાર્યે વૃત્તિ–ટીકા રચેલ છે, જે ટીકા ઉપલબ્ધ છે. ભાષ્ય અને ટીકા એટલા બધા ભાષામાં પ્રૌઢ, દલીલોમાં સંપૂર્ણ અને વિષયમાં ગહન છે કે જૈનદર્શનના ઊંડા અભ્યાસીએ અવશ્ય વાંચવા અને મનન કરવા જેવા છે. સૂરિસમ્રાટ વિજયનેમિસૂરીશ્વરના શિષ્ય મુનિ રત્નપ્રભવિજયજીએ “ શ્રમણ ભગવાન મહાવીર ” ચરિત્રના જૂદા જૂદા ભાગો મૂળ અને અંગ્રેજી ભાષાંતરમાં છપાવેલ છે, તેમાં ગણધરવાદનું પુસ્તક જૂદું છપાવેલ છે. આ પુસ્તક ખાસ વાંચવા જિજ્ઞાસુઓને ભલામણ કરવામાં આવે છે. તેમાં મૂળ ઘણું શુદ્ધ ભાષામાં છપાયેલ છે. જૈન દર્શનના ઉચ્ચ અભ્યાસક્રમમાં પણ આ વિષય રાખવા જેવો છે. પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનનો અભ્યાસી આ વિષય ઉપર વિશેષ લખે કે ભાષણ આપે તો જૈન દર્શનના અભ્યાસ માટે ઘણું ઉપયોગી થવા સંભવ છે.

# कर्मवाद

લેખકઃ—શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી દોશી.

શ્રી જૈન ધર્મ પ્રકાશના આ પહેલાના બે અંકો ( જેઠ અને આષાઢ )માં મેં દેહ-આત્મવાદ ઉપર એક લેખ લખ્યો છે. તેમાં આત્માના અસ્તિત્વ, પુદ્‌ગલથી આત્માની ભિન્નતા, દેહથી પણ આત્માની ભિન્નતા વિગેરે સંબંધે સવિસ્તર વર્ણન કરેલ છે. તેમાં હાલના માનસશાસ્ત્રીઓના વિચારો સાથે જૈન દર્શનના વિચારો કેટલા સંગત અને અસંગત છે તે બતાવવા યત્ન કર્યો છે. તેમાં ગણધરવાદના પહેલા અને ત્રીજા ગણધરવાદના ભાષ્ય અને સંસ્કૃત વૃત્તિના કેટલાક આધારે અને કેટલીક દલીલો બતાવેલ છે. હવે આ લેખમાં બીજા ગણધરવાદમાં 'કર્મ'વાદ ઉપર જે વિવેચન છે તેને અવલંબીને યત્કિંચિત્ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

જૈન દર્શન પ્રમાણે 'કર્મ' એક પૌદ્‌ગલિક વસ્તુ ( material object ) છે. પુદ્‌ગલની ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, માનસ અને કાર્મણ વર્ગણાઓ ( classes ) છે. તેમાં ઉત્તરોત્તર વર્ગણા એક બીજાથી સૂક્ષ્મતર અને ઘનતર છે. કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો બીજા બધા કરતાં વધારે સૂક્ષ્મ અને ઘન છે, માટે તે ચર્મચક્ષુથી ગ્રાહ્ય નથી. જ્યારે રાગ દ્વેષ આદિ કારણથી જીવમાં અમુક અધ્યવસાય-પરિણામવિશેષ ( spiritual activity ) થાય છે ત્યારે જીવ કર્મવર્ગણામાંથી પુદ્‌ગલો ગ્રહણ કરે છે, અને ગ્રહણ કરતી વખતે જ તે પુદ્‌ગલોમાં કર્મની પ્રકૃતિ સ્થિતિ આદિનો જન્મ થાય છે. અર્થાત્ કર્મવર્ગણાના પુદ્‌ગલો 'કર્મ' નથી, પણ તે પુદ્‌ગલો ઉપર જીવના અધ્યવસાય-પરિણામની ક્રિયા ( activity ) થાય ત્યારે જ તે પુદ્‌ગલો 'કર્મ'ની સંજ્ઞાને પામે છે. અને જીવના પ્રદેશોમાં કર્મો પ્રવેશ કરી ઓતપ્રોત બને છે. આ હકીકત એક લોહચુંબક( magnet )ના દાખલાથી સમજાવી શકાય છે. લોહચુંબક પોલાદ ધાતુ ઉપર વિદ્યુત શક્તિનો પ્રવેશ થવાથી બને છે. જ્યાંસુધી તે ધાતુ ઉપર વિદ્યુતશક્તિનો સંચાર ન થયો હોય ત્યાંસુધી તેમાં આકર્ષણ કરવાની શક્તિ હોતી નથી. તેમ દરેક ધાતુ ઉપર વિદ્યુતશક્તિનો સરખો સંચાર પણ થઈ શકતો નથી. પણ તેને યોગ્ય પોલાદ ધાતુમાં સંચાર કરવામાં આવે છે, અને તેવો સંચાર થવા પછી લોહચુંબક બને છે, અર્થાત્ બીજા લોઢાને આકર્ષણ કરવાની શક્તિ વિકાસ પામે છે. તે પ્રમાણે જીવના અધ્યવસાયનો-જીવની ક્રિયાનો સંચાર કાર્મણવર્ગણાના પુદ્‌ગલો ઉપર ન થાય ત્યાંસુધી તે પુદ્‌ગલો આકર્ષણ કરવાની શક્તિ વિનાના બીજા પુદ્‌ગલો જેવા જ છે. પણ તેમાં જીવની ક્રિયાનો સંચાર થયો એટલે તે પુદ્‌ગલો 'કર્મ' બને છે, અર્થાત્ તેમાં આકર્ષણ ( attraction ) કરવાની અને પ્રત્યાકર્ષણ ( repulsion ) કરવાની શક્તિ આવે છે. અને જીવે સંચાર કરેલ શક્તિ નાશ થાય એટલે 'કર્મ' શક્તિ વિનાનું એક પુદ્‌ગલ થઈ જાય છે. જેમ વિદ્યુતશક્તિના સંચાર માટે દરેક ધાતુ કામમાં આવતી નથી, પણ અમુક પ્રકારનું પોલાદ કામ આવે છે તેમ દરેક પુદ્‌ગલની વર્ગણા જીવની કર્મ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવવાની શક્તિના પ્રયોગ માટે ઉપયોગી નથી, પણ કાર્મણવર્ગણાના પુદ્ગલો જ ઉપયોગી છે. આકાશના દરેક પ્રદેશમાં અનંતાનંત પુદ્ગલો શુભ અશુભના વિભાગ વિનાના ભરેલા છે, તેમાંથી આત્મા ગમે તે કર્મવર્ગણાના પુદ્ગલને ગ્રહણ કરે છે, અને પોતાના તે સમયના અધ્યવસાય પ્રમાણે તે પુદ્ગલમાં પ્રકૃતિ, સ્થિતિ વગેરે જન્માવે છે. કર્મના સંબંધમાં આત્મા જીવનો એવો સ્વભાવ છે કે પ્રકૃતિ આદિ ભેદ કરીને જ જીવ કર્મપુદ્ગલને ગ્રહણ કરે છે, અને કર્મનો પણ એવો સ્વભાવ અથવા યોગ્યતા વિશેષ છે કે ગ્રહણ થતી વખતે જ પ્રકૃતિ ભેદ વિગેરે પરિણામોને તે પામે છે. એટલે કર્મપુદ્ગલ અને જીવના સંયોગ સાથે જ એક બીજામાં પરિણામવિશેષ થાય છે અને પુદ્ગલમાંથી અનંતશક્તિવાળું 'કર્મ' ઉત્પન્ન થઇ આત્મા સાથે ઓતપ્રોત બને છે. કર્મરૂપી મૂર્ત દ્રવ્ય છે, જીવ અરૂપી અમૂર્ત દ્રવ્ય છે. મૂર્ત અને અમૂર્તનો સંબંધ કેમ થઇ શકે એ એક મોટો સવાલ છે. લોહચુંબકના દૃષ્ટાંત ઉપરથી આ સવાલનો પણ ખુલાસો થઇ શકે છે. વિદ્યુતશક્તિ એક શક્તિરૂપ અમૂર્ત છે. પોલાદ એક મૂર્ત ધાતુ છે. તે બન્નેના સંયોગથી અર્થાત પોલાદમાં વિદ્યુતશક્તિનો સંચાર થવાથી લોહચુંબક જેવો પદાર્થ ઉત્પન્ન થાય છે એટલે વિજ્ઞાનશાસ્ત્ર પ્રમાણે પણ મૂર્ત અને અમૂર્તનો સંયોગસંબંધ શક્ય છે. આપણા શાસ્ત્રકારો જીવ અને કર્મરૂપી પુદ્ગલના સંબંધ માટે દૂધ અને પાણીના સંબંધનો, તેમ લોઢા અને અગ્નિના સંબંધનો દાખલો આપે છે. પણ પોલાદમાં વિદ્યુતશક્તિનો સંચાર અને તેથી લોહચુંબક જેવા પદાર્થનું રૂપાંતર થવું તે દાખલો અમને વધારે બંધબેસતો જણાય છે. જીવમાં અનંતશક્તિ છે, તે પ્રમાણે કર્મમાં પણ અનંતશક્તિ છે, એટલે શક્તિની અપેક્ષાએ કર્મ જીવની કક્ષામાં આવે છે, પણ જીવમાં ઉપયોગ છે, જ્ઞાન છે. કર્મમાં જ્ઞાન કે ઉપયોગ નથી એટલે કર્મ જીવથી જુદું પડે છે. કર્મમાં જે શક્તિ છે તે શક્તિ બીજા પુદ્ગલમાં નથી એટલે તે અપેક્ષાએ કર્મ બીજા પુદ્ગલથી જુદું પડે છે, પણ બીજા પુદ્ગલની જેમ કર્મ પણ મૂર્ત છે એટલે તે દૃષ્ટિએ કર્મ બીજા પુદ્ગલની કક્ષામાં આવે છે. કર્મ જીવની સાથે વસ્તુ તરીકે પણ નિકટનો સંબંધ ધરાવે છે, અને તેથી જ કર્મ-કાર્મણ શરીર જીવના સંબંધમાં અનાદિકાળથી નિરંતર રહે છે. બધા કર્મોનો ક્ષય થાય એટલે મોક્ષ વખતે જ જીવ અને કર્મનો સંબંધ તૂટી જાય છે.

બીજા વેદાંત જેવા ચૈતન્યવાદી દર્શન કર્મને વસ્તુ તરીકે માનતા નથી, કારણ તે દર્શનોમાં પુદ્ગલની સત્તા પણ ઓપચારિક માનવામાં આવે છે, પારમાર્થિક માનવામાં આવતી નથી. સાંખ્ય દર્શનમાં પુરૂષ પ્રકૃતિને ભિન્ન ભિન્ન માનવામાં આવે છે, અને આખો સંસાર પ્રકૃતિનો પ્રપંચ માનવામાં આવે છે, એટલે તે દર્શનમાં પણ જૈન દર્શનમાં છે તેવું કર્મના સિદ્ધાંતને સ્થાન નથી. ન્યાય દર્શનમાં ગુણ અને ગુણીનો ભેદ માનવામાં આવે છે, જ્ઞાન આત્માનો એક ગુણ

[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભવ નથી. અને બીજો કાંઇ તાત્ત્વિક ખુલાસો થઇ શકતો ન હોવાથી કર્મને એક અદૃષ્ટ કહી તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

કર્મના સિદ્ધાંતની સંપૂર્ણ સમાલોચના જૈન દર્શનમાં આચાર્યોએ જે કરેલ છે, તેવી સમાલોચના અન્ય કોઇ દર્શનમાં નથી. કર્મનો જૈન સિદ્ધાંત આર્ય દર્શનોમાં એક પ્રાચીન સિદ્ધાંત જોવામાં આવે છે. છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર ભગવાનના સમયમાં જ તેની પ્રરૂપણા કરવામાં આવી એવું માનવાને કારણ નથી, માટે જ કર્મગ્રંથના પુસ્તકોમાં આચાર્યો આગમ ઉપરાંત જૂના પ્રાચીનતમ કર્મના ગ્રંથોનો પણ વખતોવખત ઉલ્લેખ કરે છે. કર્મનો સિદ્ધાંત વૈદિક સંસ્કૃતિથી જૈન સંસ્કૃતિને જૂદી પાડે છે, અને એક પ્રાચીન ભિન્ન સંસ્કૃતિ તરીકે જૈન સંસ્કૃતિને પુરવાર કરે છે. જૈનના કર્મના સિદ્ધાંતની બીજા ધર્મો ઉપર પણ ઘણી અસર થયેલ છે અને આપણા આર્ય પ્રજાજીવનમાં કર્મનો સિદ્ધાંત ઓતપ્રોત થઇને રહ્યો છે અને તે જ સંસ્કારથી બીજા દેશોની પ્રજામાં આર્થિક વિષમતાના કારણે જે ઉલ્કાપાતો અને વર્ગવિગ્રહો થતા જોવામાં આવે છે તેવા ગંભીર સ્વરૂપમાં આપણા દેશમાં ઉલ્કાપાતો થતા નથી.

પુરુષાર્થવાદને બદલે કર્મવાદને પ્રધાનતા આપવાથી લોકોના આચાર-વિચારમાં નિરુદ્યમતા, નિરાશા અને નિર્વીર્યતા આવેલ છે, હિંદુસ્તાનના લોકોમાં સાહસિક વૃત્તિ કે દુઃખનો સામનો કરવાની શક્તિ ઓછી થયેલ છે, લોકોમાં ખોટી સંતોષની લાગણી જન્મ પામેલ છે, અને તેથી લોકોમાં સામાજિક, આર્થિક અને રાજકીય પરતંત્રતા આવેલ છે, એવા આક્ષેપો જૈનધર્મના કર્મવાદના પ્રચારને કારણે જૈન ધર્મ ઉપર કેટલીક વખત મૂકવામાં આવે છે. જૈન ધર્મના કર્મવાદને અને પુરુષાર્થવાદનો યથાર્થ સૈદ્ધાંતિક અર્થ ન સમજવાના કારણથી આવી ખોટી માન્યતાને કારણ મળેલ છે. અને તે માન્યતાને કેટલીક વખત આપણું આપણા આચારવિચાર અને વાણીથી ઉત્તેજન આપીએ છીએ. આપણા સમજુ ગણાતા ગૃહસ્થો અને સાધુ સાધ્વીઓ પણ આવી ભ્રમણાથી મુક્ત નથી. કાંઇ ઉપાધિ કે વ્યાધિ આવે છે ત્યારે તેનું કારણ અને તે નિવારવાના ઉપાયો શોધવાને બદલે કર્મનો ઉદય થયો એવું કહે છે અને નિષ્ક્રિય બને છે, કર્મના સિદ્ધાંતનો આવો અર્થ નથી. જૈન ધર્મ તો આત્માને અનંત શક્તિનો સ્વામી માને છે, અને તે શક્તિઓનો આવિર્ભાવ સતત પુરુષાર્થથી થાય છે એવો ઉપદેશ આપે છે. કર્મ તો જડ છે, અચેતન છે, પુદ્ગલ છે, તેમાં જે કાંઇ શક્તિ છે તે આત્મ અધ્યવસાયે સંચાર કરેલ છે. નીચી કક્ષાના જીવો જેઓમાં આત્મભાન જાગ્રત થયું નથી, તેઓ કર્મને આધીનપણે વશ રહે છે. પણ જ્યારે જીવને આત્મભાન (Self-consciousness) થાય છે, ત્યારે કર્મને વશ થવાને બદલે કર્મનો તે રાજા બને છે. મહાન્ પુરુષોના ચરિત્રો વાંચવાથી આ હકીકતની પ્રતીતિ થાય છે. ટૂંકામાં જૈનના કર્મવાદે પ્રજાને નિર્વીર્ય બનાવેલ છે, તે આક્ષેપ યથાર્થ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " પર્યુષણા મહાપર્વ અને આપણું કર્તવ્ય "

લે૦ મુનિશ્રી ન્યાયવિજયજી ( ત્રિપુટી )

" भूयो भूय उपदेश इति " વારંવાર ઉપદેશ કરવો. ( ધર્મબિન્દુ )

ઉપરનું વાક્ય યાકીનીમહત્તરાસૂનુ મહાત્મા આચાર્યવર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજનું છે.

ઉપરના વાક્યમાં કહેવાનો આશય એ જ છે કે જેમ રોગી-સન્નિપાતના વ્યાધિગ્રસ્ત જીવને રોગ ન મટે, રોગ નિર્મૂલ ન થાય ત્યાં સુધી વારંવાર ઔષધીઓ, કવાથ કવાથ, ઉકાળા જેમ કુશલ વૈદ્ય આપે છે તેમ ભાવ-વ્યાધિથી પીડિત જીવને, કર્મ-રોગથી વાસિત અને કષાય-મમતા-મિથ્યાત્વ આદિ વ્યાધિથી સંતપ્ત જીવને શાંતિ આપવા, શુદ્ધ કરવા, સાચું શાશ્વત સુખ આપવા વારંવાર-ભૂયો ભૂય ઉપદેશ આપવો જોઈએ.

એ જ ધર્મબિન્દુની ટીકામાં ટીકાકાર મહાત્મા ફરમાવે છે કે—

**धर्मशास्त्रश्रवणस्यात्यंतगुणहेतुत्वात्** ધર્મશાસ્ત્રનું શ્રવણ અત્યંત ગુણના હેતુરૂપ છે.

ધર્મશાસ્ત્ર શ્રવણ કરનારને થતો લાભ જણાવતાં સૂરિજી મહારાજ કહે છે કે—

" क्लान्तमुपोज्झति खेदं तप्तं निर्वाति बुध्यते मूढम् ।
स्थिरतामेति व्याकुलमुपयुक्तसुभाषितं चेतः ॥ "

સુભાષિતો( શાસ્ત્ર )નો ઉપયોગ કરનારું ચિત્ત ( શાસ્ત્રશ્રવણ કરનારું ચિત્ત ) યદિ ગ્લાનિ પામ્યું હોય તો ખેદ રહિત થાય છે, પરિતાપ પામ્યું હોય તો શીતલ થાય છે ( પરમ શાંતિ પામે છે ), મૂઢ થઈ ગયું હોય તો પ્રતિબોધ પામે છે ( જ્ઞાની થાય છે ) અને વ્યાકુલ થયું હોય તો સ્થિરતા પામે છે.

અર્થાત્ શાસ્ત્રશ્રવણથી ચિત્ત ખેદ રહિત થાય છે, શીતલ થાય-શાંતિ પામે છે, પ્રતિબોધિત થાય છે અને દૃઢ-સ્થિર થાય છે. એટલે કે શાસ્ત્રશ્રવણ-પુનઃ પુનઃ શાસ્ત્રશ્રવણ એ તો આ જીવને પરમ હિતકારી છે.

આ જ વસ્તુના સમર્થનમાં બીજા શ્લોકો પણ ખૂબ વિચારવા જેવા છે.

" पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम् ।
चक्षुः सर्वगतं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ॥ "

શાસ્ત્ર પાપરૂપ રોગનું ઔષધ છે, શાસ્ત્ર પુણ્ય બંધનનું કારણ છે, શાસ્ત્ર સર્વ વસ્તુને નિરખનારું નેત્ર છે અને શાસ્ત્ર સર્વ અર્થને સાધનારું છે. અર્થાત્ શાસ્ત્ર સર્વ ઇચ્છિત વસ્તુને પ્રાપ્ત કરાવનારું છે. અને એટલા જ માટે કહ્યું છે કે—

" शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तिदूती परोदिता ।
अत्रैवेयमतो न्याय्या तत्प्राप्त्यासन्नभावतः ॥

જગદ્વંદ્ય ( જગત્પ્રભુ ) તીર્થંકર ભગવંતોએ શાસ્ત્ર વિષે ઉત્કૃષ્ટ ભક્તિને મુક્તિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂતીરૂપ કહી છે, કારણ કે મુક્તિની પ્રાપ્તિમાં તે સમીપ રહેવાથી શાસ્ત્રભક્તિ મુક્તિની દૂતીનું કામ કરે તે બરાબર ઘટે છે.

આટલી પૂર્વ ભૂમિકા પછી હું મૂળ વિષય ઉપર આવું છું. પર્યુષણા મહાપર્વમાં કલ્પસૂત્રનું શ્રવણ અને મનન એ મુખ્ય કર્તવ્ય છે અને દરવર્ષે આ મહાશાસ્ત્રનું–કલ્પવૃક્ષથી પણ વધુ ફલદાયક આ કલ્પસૂત્રનું શ્રવણ કરનાર કેટલાક મહાનુભાવો એમ કહે છે કે–દર વર્ષે આને આ; એક ને એક સાંભળવામાં રસ નથી આવતો, એનું એ સાંભળીને કંટાળી ગયા; હવે કંઇક નવું સંભળાવો તેમને ઉપરની પૂર્વ ભૂમિકાથી સમજાઇ જશે કે–" भूयो भूय उपदेश " ની કેટલી જરૂર છે?

કુશલ વૈદ્ય રોગ પારખી, નિદાન કરી ઔષધી આપે; પછી તો રોગ મટે ત્યાં સુધી એની એ જ દવા લેવી પડે તેમ મહાન શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજા આ કાળના ભવ્ય અને મુમુક્ષુ જીવોના આત્માને લાગેલા ભવ–કર્મ રોગના નિવારણ માટે જે શાસ્ત્રઔષધનું સેવન–આરાધન કરવાનું કહી ગયા છે તે તદ્દન વાસ્તવિક અને ઉચિત છે.

કલ્પસૂત્રનું મહાત્મ્ય દર્શાવતાં મહોપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજે ભક્તિથી જે ગાયું છે તે જ એ સૂત્રનું મહાત્મ્ય દર્શાવવા પૂરું સમર્થ છે—

" नार्हतः परमो देवो, न मुक्तेः परमं पदम् ।
न श्रीशत्रुंजयात्तीर्थं श्रीकल्पान्न परं श्रुतम् ॥ "

શ્રી તીર્થંકર ભગવંત સમાન બીજા કોઇ દેવ નથી, મુક્તિ સમાન બીજું કોઇ પરમ-પદ–શ્રેષ્ઠપદ ( સ્થાન ) નથી. શ્રી શત્રુંજય તીર્થ સમાન બીજું કોઇ ઉત્તમ તીર્થ નથી તેમજ શ્રી કલ્પસૂત્ર સમાન બીજું કોઇ સૂત્ર નથી; એટલું જ નહિ પરમાત્મા શ્રી મહાવીર દેવના વચનો આગીને પણ કહ્યું કે—

एगग्गचित्ता जिणसासणंमि पभावणापूअपरायणा जे ।
तिसत्तवारं निसुणंति कप्पं भवण्णवं गोअम ते तरंति ॥

હે ગૌતમ ! જેઓ જિનશાસનમાં સુદૃઢ ચિત્તવાળા થઇને, અને પૂજાને પ્રભાવનામાં પરાયણ થઇને, તત્પર થઇને એકવીસ વાર કલ્પસૂત્રને સાંભળે છે તેઓ સંસારસમુદ્રનો પાર પામે છે–અર્થાત્ અવશ્ય મુક્તે જાય છે.

આ સૂક્તનો ઉદ્દેશ એ જ છે કે–વીતરાગ ધર્મના દૃઢ ઉપાસક બનીને શુદ્ધ ચિત્તે જિનવરેંદ્ર દેવની ભક્તિ–સેવા–પૂજા કરે–જૈનશાસનની પ્રભાવના, જિનવાણીનો પ્રચાર અને ધર્મના પ્રચારમાં ઉદ્યમવંત મુમુક્ષુ આત્મા જો એકવીસ વાર કલ્પસૂત્ર સાંભળે તો અવશ્ય પામે એમાં સંદેહ નથી.

જ વસ્તુનું ઉપાધ્યાયજી મહારાજ વધુ સ્પષ્ટીકરણ કરે છે—

वाचनात् सहायदानाद् लक्षश्रुतैरपि ।
विनाराधितः कल्पः शिवदोऽसौ भवाष्टकम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પસૂત્ર વાંચવાથી, વાંચનારને સહાયતા કરવાથી, કલ્પસૂત્રના બધા અક્ષરોના શ્રવણ થી અને વિધિપૂર્વક એની આરાધના કરવાથી આ કલ્પસૂત્ર આઠ ભવમાં જ મુક્તિ આપનાર થાય છે.

મૂળ મુદ્દો આટલો તો ચોક્કસ છે કે–શ્રી કલ્પસૂત્રની આરાધના શ્રવણ–મનન–નિદિધ્યાસન વગેરે મન, વચન અને કાયાની શુદ્ધિપૂર્વક અને યોગ્ય વિધિથી જ કરવી જોઇએ. શુદ્ધિપૂર્વક પરમ વિધિથી આરાધક ભવ્યાત્મા જલ્દીમાં જલ્દી મુક્તિ પ્રાપ્ત કરે એમાં સંદેહ જ નથી.

આ કલ્પસૂત્ર કેવા ગંભીર અને મહાન્ અનેક અર્થોથી ભરેલું છે, તેને માટે પરમર્ષિનું નીચેનું વાક્ય બહુ જ મનન કરવા યોગ્ય છે.

सव्वनईणं जा हुज्ज, वालुआ सव्वोवहीणं जं उदयं ॥
तत्तो अणंतगुणिओ अत्थो इक्कस्स सुत्तस्स ॥ १ ॥

સર્વ નદીઓની રેતી એકત્ર કરવામાં આવે અને સર્વ સમુદ્રના જળ એકઠાં કરવામાં આવે તો પણ તેના કરતાં અનંતગણા અર્થ આ કલ્પસૂત્રના એક એક સૂત્રના થાય છે.

शब्दानामनेकार्थाः પ્રસિદ્ધ જ છે અને राजानो ददते सौख्यम् ના આઠ લાખ અર્થો અષ્ટ લક્ષીમાં છપાઇ જ ગયા છે. ઉપરનું કથન તદ્દન સત્ય જ છે.

આટલા જ માટે પૂ. પા. ઉપાધ્યાયજી મહારાજ પણ ફરમાવે છે કે—

मुखे जिह्वासहस्रं स्यात् हृदये केवलं यदि ।
तथापि कल्पमहात्म्यं वक्तुं शक्यं न मानवैः ॥

જો માનવના મુખારવિંદમાં એક નહિ પણ હજાર જિહ્વા હોય, અને હૃદયમાં કેવળજ્ઞાન હોય તો પણ તે શ્રી કલ્પસૂત્રનું મહાત્મ્ય વર્ણવી શકવા સમર્થ નથી.

આવું અર્થગંભીર મહાન્ કલ્પસૂત્ર અત્યારે દર વર્ષે વંચાય છે. આનું મુખ્ય કારણ આમાં રહેલ અપૂર્વ જ્ઞાન–દેવગુરુ અને ધર્મ તત્ત્વનું વર્ણન અને રચયિતા મહાપુરુષ પ્રતિની શ્રદ્ધા છે.

જે પર્યુષણા મહાપર્વમાં આ મહાન્ સૂત્રનું વાંચન અને શ્રવણ થાય છે તે મહાપર્વનું મહાત્મ્ય પણ નીચે આપું છું.

मंत्राणां परमेष्ठिमंत्रमहिमा तीर्थेषु शत्रुंजयो ।
दाने प्राणीदया गुणेषु विनयो ब्रह्मव्रतेषु व्रतम् ॥
संतोषो नियमे तपस्सु च शमस्तत्त्वेषु सद्दर्शनम् ।
सर्वज्ञोदितसर्वपर्वसु तथा श्रीवार्षिकं पर्व च ॥ १ ॥

મંત્રો [illegible] નવકાર [illegible] મંત્ર છે [illegible]માં સર્વોત્તમ તીર્થ શ્રી [illegible] ગિરિરાજ–શત્રુંજય તીર્થ છે, દાનમાં અભયદાન સર્વશ્રેષ્ઠ છે, ગુણોમાં વિનય ગુણ છે, વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત [illegible]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયાં સંતોષ વ્રત-નિયમ ઉત્તમ છે, તપસ્યામાં ક્ષમા ( શાંતિ-સમભાવદશા ) ઉત્તમ તપસ્યા છે, તત્ત્વજ્ઞાનમાં સમ્યગ્દર્શન-બોધિબીજપ્રાપ્તિ એ ઉત્તમ તત્વજ્ઞાન છે. તેમ સર્વજ્ઞ ભગવંતે કહેલાં દરેક પર્વોમાં પર્યુષણા પર્વ મહાપર્વ-સર્વોત્તમ પર્વ-પર્વાધિરાજ છે.

આવા પર્વરાજશિરોમણી સમા પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની આરાધના પણ આવી ઉત્તમ રીતે જ કરવી જોઈએ.

કોઈ ચક્રવર્તી મહારાજાધિરાજના મુગટ ઉપર જેમ ઉત્તમ મણિ જ શોભે તેમ પર્વોમાં ચક્રવર્તી જેવા મહા પર્વાધિરાજની ઉપાસના ઉત્તમ રીતે કરવામાં આવે તો જ શોભે. આવા મહાપર્વાધિરાજરૂપી ચક્રવર્તીના મુગુટમણિ સમાન કોઈ હોય તો કલ્પસૂત્રનું શુદ્ધિપૂર્વક અને પરમ વિધિથી શ્રવણ, મનન, ચિંતવન અને આચરણ જ છે.

" अस्मिन्वार्षिकपर्वणि कल्पश्रवणवत् इमान्यपि पञ्चकार्याणि अवश्यं करणीयानि " આ વાર્ષિક પર્વમાં શ્રી કલ્પસૂત્રના શ્રવણની માફક આ પાંચ કાર્યો પણ અવશ્ય કરવાં જોઈએ. તે પાંચ કાર્યો આ પ્રમાણે છે.

૧ ચૈત્યપરિપાટી, ૨ સમસ્ત સાધુવંદન, ૩ સાંવત્સરિક પ્રતિક્રમણ, ૪ મિથઃ સાધર્મિક ક્ષામણું, ૫ અઠ્ઠમ તપશ્ચ.

આ આરાધનામાં પણ પ્રથમ દેવ તત્ત્વની આરાધના, પછી ગુરુ તત્ત્વની આરાધના અને બાકીનાં ત્રણેમાં ધર્મ તત્ત્વની ઉત્તમ આરાધના સમાવી છે. આગળ વધીને જોઈએ તો ચૈત્યપરિપાટી અને સમસ્ત સાધુવંદના સમ્યગ્દર્શનરૂપ છે, સમ્યગ્ દર્શનની પ્રાપ્તિનાં અમોઘ સાધન છે તેમજ ગુરુ પાસેથી આગમ જ્ઞાન પણ પ્રાપ્ત થશે તે અને સાંવત્સરિક પ્રતિક્રમણ પણ સમ્યગ્ જ્ઞાનરૂપ છે. પ્રતિક્રમણ કરી, પાપથી પાછો હઠી આત્મિક વિચારણા, સ્વભાવ દશાની પ્રાપ્તિ અને વિભાવ દશાનો ત્યાગ એ સમ્યગ્ જ્ઞાનરૂપ છે અને વિભાવ દશાના ત્યાગમાં જ સાચી ક્ષમાપના છે. સંસારના સર્વ જીવો પ્રતિ મૈત્રી ભાવના, સમભાવ દશાની પ્રાપ્તિ એ સુંદર સમ્યગ્ જ્ઞાનરૂપ છે અને ત્યાર પછી ઇચ્છાનિરોધરૂપ અઠ્ઠમ પ્રકારે તપની આરાધના ચારિત્રરૂપ છે. વિરતિ દશા-ઉત્તમ વિરતિદશા વિના આવું શ્રેષ્ઠ તપ-સંયમ-ચારિત્ર વિના તપ ક્યાંથી શોભે એટલે ઉપરની આરાધનામાં सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः બતાવી આપણે માટે મોક્ષમાર્ગ રજૂ કર્યો છે.

હવે ઉપરની પાંચે પ્રકારની આરાધનાનું થોડું વિવેચન કરીએ.

૧. ચૈત્યપરિપાટી—

દરેક મુમુક્ષુઓએ આ મહાપર્વમાં પોતાના શહેરમાં રહેલાં બધાં જિનમંદિરોનાં દર્શન પૂજન અવશ્ય કરવા જોઈએ. આ સાથે જે જે જિનમંદિરો જીર્ણ હોય તેના જીર્ણોદ્ધાર માટે જ્યાં જરૂર હોય ત્યાં નૂતન જિનમંદિરના નિર્માણ માટે પ્રયત્ન કરવો જ જોઈએ. આજ ચૈત્યપરિપાટીએ જનાર દરેક મહાનુભાવોએ જો જિનમંદિરમાં ક્યાંય અવિધિ આશાતના દેખાય તો તે દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. જલ્દી દોડાદોડ જઈ આવ્યા એમ નહિ કિન્તુ પૂર્ણ ધીરજપૂર્વક, ઇર્યાસમિતિના પાલનપૂર્વક, બરાબર જયણા અને ઉપયોગપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેક અને વિનયથી જિનમંદિરે જઈ--પ્રદક્ષિણા, સ્તુતિ, ચૈત્યવંદનાદિ વિધિપૂર્વક કરવાં જોઈએ. પંચાંગ પ્રણિપાતપૂર્વક નમસ્કાર કરી હૃદયોલ્લાસ, આત્મિક આનંદ અને વીતરાગ પદ-પ્રાપ્તિની ભાવનાપૂર્વક જિનદર્શન–ચૈત્યપરિપાટી કરવી જોઈએ.

**जिने भक्तिर्जिने भक्तिर्जिने भक्तिर्दिने दिने ।**
**सदा मेऽस्तु सदा मेऽस्तु सदा मेऽस्तु भवे भवे ॥**

આ હૃદયોલ્લાસ, આ ઉત્તમ વિશુદ્ધ ભાવનાપૂર્વક ચૈત્યપરિપાટી કરવાની છે. દર્શન કરતાં, પ્રભુ ગુણ ગાતાં મન વચન અને કાયાની પરમ શુદ્ધિપૂર્વક, ધ્યાતા ધ્યેય અને ધ્યાનપદ આ ત્રિપુટીની એકતા કઈ રીતે થાય, ક્યારે થાય અને "ક્ષીર નીર પરે તુમશું મીલશું" આ ભાવના રૂંવાડે રૂંવાડે જાગૃત થાય એવી આપણે ચૈત્યપરિપાટી કરતા થઈએ, કરવાની છે.

જો આપણા નગરમાં વધુ મંદિરો હોય તો પર્યુષણા મહાપર્વમાં આઠ દિવસમાં જુદી જુદી પોળોનાં જિનમંદિરોનાં દર્શન કરીએ અને એ રીતે નગર ચૈત્યપરિપાટીની આરાધના કરીએ તે ઉચિત છે.

આ વિધિપૂર્વક પરમ હૃદયોલ્લાસપૂર્વક જિનેશ્વર પ્રભુનાં દર્શન, વંદન અને પૂજન કરવાથી નીમ્ન શ્લોક પ્રમાણે મહાફલદાયક થાય છે.

**दर्शनाद्दुरितध्वंसी वंदनाद्वांछितप्रदः ।**
**पूजनात्पूरकः श्रीणां जिनः साक्षात्सुरद्रुमः ॥**

દર્શનથી પાપનો નાશ થાય છે, વંદનાથી વાંછિત ફલની પ્રાપ્તિ થાય છે અને પૂજા કરવાથી આત્મિક લક્ષ્મી–મુક્તિલક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. આવી રીતે જિનેશ્વર ભગવંત સાક્ષાત્ કલ્પવૃક્ષ સરખા છે.

માટે ચૈત્યપરિપાટી કરનાર દરેક મુમુક્ષુ ખૂબ જ ધીરજ, ઉલ્લાસ, શ્રદ્ધા, ભક્તિ, શુદ્ધિ, વિવેક અને જયણાપૂર્વક ચૈત્યપરિપાટી કરે.

**૨. સમસ્ત સાધુવંદના—**

નગરમાં બિરાજમાન ત્યાગી મહર્ષિ મહાત્મા સાધુપુરુષોનાં અવશ્ય દર્શન કરવાં જોઈએ. "**સદ્ગુરુવંદનં ચ**" સદ્ગુરુનું સ્વરૂપ નીમ્ન શ્લોકમાં સુંદર રીતે આપ્યું છે—

**विदलयति कुबोधं बोधयत्यागमार्थं, सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ।**
**अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो, भवजलनिधिपोतस्तं विना नास्ति कश्चित् ॥**

જે ગુરુ મિથ્યાત્વનો નાશ કરે છે, સિદ્ધાંતોના અર્થને સમજાવે છે, પુણ્ય એ સુગતિનો માર્ગ છે અને પાપ એ કુગતિનો માર્ગ છે એમ પ્રગટ કરે છે અને કરવા યોગ્ય અને નહિં કરવા યોગ્ય કાર્યનો ભેદ-વિવેક સમજાવે છે; તે ગુરુ વિના બીજા કોઈ ભવસાગરને વિષે વહાણની પેઠે તારનાર નથી અર્થાત્ સુગુરુ તો ભવસમુદ્રમાંથી તારનાર વહાણ જેવા છે.

આવા સદ્ગુરુદેવને વંદના કરવી એ બીજું કર્તવ્ય જણાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ૩. સંવત્સરી પ્રતિક્રમણ—

વર્ષભરના પાપોને સંભારી, પાપથી પાછા હઠવાનું સર્વોત્તમ સાધન છે. આ પ્રતિક્રમણમાં વર્ષભરના લાગેલા અતિચારોની આલોચના છે. આપણે છદ્મસ્થ છીએ, ભૂલો વારંવાર થયા જ કરે છે. તે ભૂલોને સંભારી, સ્મૃતિપટમાં લાવી એની આલોચના કરવાથી આત્મા કર્મમલના ભારથી હલકો થાય છે–શુદ્ધ થાય છે, એને શાંતિ વળે છે. પોતાનાથી થયેલાં અશુભ કર્મોનો પશ્ચાત્તાપ, નિંદા, ગર્હા, શાંત ચિત્તથી, શુદ્ધ મને કરી સાચો પશ્ચાત્તાપ કરવાથી નિંદામિ, ગરિહામિ કરવાથી અને પુનઃ પુનઃ એવી ભૂલો ન કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરવાથી આત્મા પાપથી પાછો હઠે છે, એ શુદ્ધ થાય છે અને સ્વભાવદશા, નિજાનંદદશાની પ્રાપ્તિ કરે છે.

દરેક મુમુક્ષુ જીવોએ હૃદયની શુદ્ધિ, સાચી શ્રદ્ધા અને વિવેકપૂર્વક આ ક્રિયા વાર્ષિક પ્રતિક્રમણ અવશ્ય કરવું જ જોઈએ.

### ૪. મિથઃ સાધર્મિક ક્ષામણ—

પ્રતિક્રમણમાં આ જીવે ચોરાશી લાખ જીવાયોની સાથે ક્ષમાપના કરી જ છે. **मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणइ** કર્યું જ છે, છતાં અહીં સ્વધર્મી બંધુઓ સાથે ક્ષમાપના જણાવી એની જ ખાસ વિશેષતા છે. આજે આપણે ઘણી વાર જોઈએ છીએ કે પ્રતિક્રમણ કરીને ખમાવ્યા છતાં એ સ્વામિભાઈઓ પ્રતિ દ્વેષ–અપ્રેમ–અનૈક્ય જતાં નથી માટે જ ખાસ સૂચન કર્યું છે. વિધિ બતાવી છે કે સ્વામિભાઈઓ–ધર્મબન્ધુઓ સાથે તો અવશ્ય ક્ષમાપના કરવાની જ.

પ્રતિક્રમણ કરી પાપથી પાછો હઠયો અને ક્ષમાપના કરી આત્મા શાંત બન્યો એટલે એ જીવમાં ઉત્તમ સમતાભાવદશા પ્રાપ્ત થવાની જ. આ સમતા પ્રાપ્ત થતાં જ જીવની કેવી ઉત્તમદશા પ્રાપ્ત થાય છે તે વાંચો.

> प्रचितान्यपि कर्माणि जन्मनां कोटिकोटिभिः।
> तमांसीव प्रभाभानोः क्षिणोति समता क्षणात्॥

જેમ સૂર્યની પ્રભા અંધકારનો નાશ કરે છે, તેમ કોટીકોટી જન્મવડે બાંધેલા કર્મોનો પણ સમતા એક ક્ષણવારમાં નાશ કરે છે.

> अर्गला नरकद्वारे मोक्षमार्गस्य दीपिका।
> समता गुणरत्नानां संग्रहे रोहणावनिः॥

સમતા નરકના દરવાજાની અર્ગલા–ભોગળ છે, સમતા મોક્ષમાર્ગની દીપિકા છે, સમતા ગુણરૂપ રત્નોના સંગ્રહમાં રોહણાચલ સમાન છે.

એટલે આપણે આજે જીવનમાં સમતાના અમૃતનો સ્વાદ જ ભૂલી ગયા છીએ. જુઓ તો ખરા સમતા અમૃતનો મહિમા—

> दृशोः स्मरविषं शुष्येत् क्रोधतापः क्षयं व्रजेत्।
> औद्धत्यमलनाशः स्यात् समतामृतमज्जनात्॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમતારૂપ અમૃતમાં મજ્જન કરવાથી દૃષ્ટિનું કામરૂપી વિષ સૂકાઈ જાય છે. કામ-વિકારરૂપ ઝેર ચાલ્યું જાય છે, ક્રોધરૂપી તાપ ક્ષય પામે છે. એના કષાયોરૂપી શાંત પામે છે અને ઉદ્ધતારૂપી મેલ-સ્વચ્છંદ વૃત્તિનો નાશ થાય છે.

આજે જીવનમાં સાચી શાંતિ માટે આ સમતારૂપી અમૃતની જરૂર છે.

૫. અષ્ટમતપ—

કર્મરજના નાશ માટે તપ અમોઘ સાધન છે. એમાં એ પર્યુષણા મહાપર્વના ૬. અષ્ટમતપનું ફલ આ પ્રમાણે કહ્યું છે.

"तत्र अष्टमं तप उपवासत्रयात्मकं महाफलकारणं रत्नत्रयप्रदायकं, शल्यत्रयोन्मूलनं, जन्मत्रयपावनं कायवाङ्मनोदोषशोषकम् त्रिभुवनत्रयाग्रपदप्रापकम् निःश्रेयसपदाभिलाषुकैरवश्यं कर्त्तव्यम् नागकेतुवत् ।"

આ અષ્ટમતપ ત્રણ ઉપવાસરૂપ મહાફલદાયક છે. રત્નત્રય( જ્ઞાન દર્શન ચારિત્ર ) આપનાર છે, ત્રણ શલ્ય( માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાદર્શનશલ્ય )નું ઉન્મૂલન કરનાર તેનો મૂલથી નાશ કરનાર છે, ત્રણ જન્મને પાવન કરનાર છે, મન વચન અને કાયા દોષોને શોષી નાંખનાર છે ( મનોયોગ, વચનયોગ અને કાયયોગને શુદ્ધ કરનાર છે. ) ત્રણ લોકમાં અગ્રપદે સ્થાપનાર છે માટે મોક્ષાભિલાષી-મુમુક્ષુ જીવોએ આ અઠ્ઠમતપ અવશ્ય આરાધન કરવું જ જોઇએ. જેમ નાગકેતુએ અઠ્ઠમતપ આરાધી મહાન ફલ કર્યું હતું તેમ મહાન ફલ જીવને અઠ્ઠમતપથી પ્રાપ્ત થાય છે.

યદ્યપિ પર્યુષણા મહાપર્વ અને આપણાં કર્તવ્ય ઉપર ઘણું ઘણું લખાય તેમ કિન્તુ સ્થાનાભાવથી આ સંબંધી વિશેષ લખવાનું મુલતવી રાખું છું પરન્તુ મહાપર્વની ઉજવણી આપણે સાચારૂપે કરીએ તે જરૂરી છે. આજે ઘણીવાર આ દિવસોમાં આપસના ઝઘડામાં યા તો જુગાર, પતાંબાજી, હરવાફરવા અને શોખમાં જાય છે એ તદ્દન અનુચિત જ છે.

આઠે દિવસ આરંભસમારંભનો ત્યાગ કરી, કષાય કલેશ-મદ-મત્સર આદિનો ત્યાગ કરવો જોઇએ. અને તેટલાં વ્રતપચ્ચખાણ, વ્યાખ્યાનશ્રવણ-શાંતિથી એકાગ્રચિત્તે વ્યાખ્યાન શ્રવણ કરવું જોઇએ. સવાર સાંઝ પ્રતિક્રમણ કરી પાપથી પાછા હઠી, આત્મશુદ્ધિ કરવા પ્રયત્ન કરવો જોઇએ. તેમજ કલ્પસૂત્રનું પરમ શાંતિપૂર્વક શ્રવણ, મનન કરી આત્માને શુદ્ધ કરવો જોઇએ. અને ઉપર બતાવેલાં પાંચે કર્તવ્યો સમતાપૂર્વક કરી વિવેકદક્ષા અનુકૂળ થાય, શાસનપ્રભાવના થાય અને શ્રીસંઘમાં કેમ એકતા, શાંતિ અને સંપ જળવાય તેનો પૂરો ખ્યાલ રાખવાની જરૂર છે.

વર્ષભરમાં આ આઠ દિવસો ફરી ફરી આવતા નથી. તેમાંયે સંવત્સરી પ્રતિક્રમણ અને શ્રી કલ્પસૂત્રનું શ્રવણ તો પુનઃ પુનઃ પ્રાપ્ત થવું એ પરમ પુણ્યોદય સિવાય સંભવિત નથી. આપણા પુન્યના ઉદયથી આ લાભ મળ્યો છે તો લેવાય એટલો લાભ લેવો એ જ ઉચિત છે. અંતમાં નીચેનો શ્લોક આપી વિરમું છું.

सर्वेऽपि सन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यंतु मा कश्चित्पापमाचरेत ॥

સર્વ પ્રાણી સુખી થાઓ, સર્વ જન નિરોગી રહો, સર્વ પ્રાણી કલ્યાણ જુઓ કોઇપણ પાપને આચરો નહિં.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'પર્યુષણા'

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

વિશિષ્ટ ફળની પ્રાપ્તિના માટે કાળના સહકારની આવશ્યકતા રહે છે. કૂવાના પાણીથી ગમે ત્યારે અનાજ ઉગાડી શકાય છે, પણ વર્ષાઋતુના મેઘ સિવાય સારું ધાન્ય ઊગી શકે નહિં અને રસકસવાળું થઈ શકે નહિ. બારમાસી કેરીઓ આવે છે પણ કાળે ફળેલી અને મૃગશરના વાયરા ખાધેલી કેરીઓમાં જે કાંઇ મધુરતા હોય છે તે તેમાં હોતી નથી. આ પ્રમાણે જ્યારે વસ્તુમાત્ર પોતાની શ્રેષ્ઠતા તથા મહત્તા મેળવવાને માટે નિરંતર કાળની અપેક્ષા રાખે છે તો પછી આત્મશ્રેય કરનાર ધર્મ માટે વિશિષ્ટ કાળની આવશ્યકતા હોવી જ જોઇએ. જો કે ગમે ત્યારે ધર્મ કરી શકાય છે, તેના માટે કાળનો નિયમ નથી તો પણ વિશિષ્ટ કાળે ધર્મ કરવામાં આવે તો સારામાં સારું ફળ મળી શકે છે; કારણ કે માનવીના ભાવની શુદ્ધિ તથા વૃદ્ધિમાં વિશિષ્ટ કાળ સાધક છે. તેમાં પણ બાળ જીવોને જાગૃત કરવાને માટે તો વિશિષ્ટ કાળ અત્યંત ઉપયોગી છે. ધર્મમાં વિશેષ ન જાણનાર પુદ્‌ગલાનંદી અણજાણ માનવીના મનમાં પણ એમ તો આવે જ છે કે–આજે આઠમ, ચૌદશ, પાંચમ છે અથવા તો અમુક તીર્થંકરની કલ્યાણક તિથિ છે માટે આજે મારે કાંઈ પણ ધર્મની આચરણા કરવી જોઇએ, ઉપવાસ કરવો જોઇએ અને તે ન બને તો છેવટે એકાસણું અથવા તો બેઆસણું કરવું જોઈએ. કદાચ કોઇએ કાંઇ તપવિશેષ ન કર્યું હોય અને કોઇ પણ શ્રદ્ધાળુ ધર્મી માણસ તેને કહે છે કે–આજે પર્વદિવસ છે માટે કાંઇ તો કરો, તો તે શરમાઇને કાંઇ ને કાંઇ ધર્મની આચરણા કરશે જ. તપસ્યા અથવા તો પ્રભુપૂજા આદિ કાંઇ પણ ધર્મની પ્રવૃત્તિ આદરશે જ અને કર્તવ્યની ભાવનાથી અણજાણ માણસ પણ કાંઇ ને કાંઈ આત્મલાભ મેળવશે જ; માટે બધા ય દિવસો એક સરખા હોવા છતાં પણ પર્વ-દિવસ મહાન કહેવાય છે, આત્મશુદ્ધિના કારણભૂત અધ્યવસાયની શુદ્ધિનો હેતુ હોવાથી પવિત્ર કહેવાય છે.

પર્યુષણા પણ એક પર્વ તરીકે માન્યું છે અને તે બાર મહિનામાં એક જ આવતું હોવાથી વાર્ષિક પર્વ તરીકે ઓળખાય છે. પર્યુષણ શબ્દના બે અર્થો છે, એક તો વાર્ષિક પર્વ અને બીજો સર્વથા પ્રકારે રહેવું. આ બંને સાધુ તથા ગૃહસ્થ બંનેનું કર્તવ્ય સૂચવ્યું છે. પહેલો અર્થ ગૃહસ્થોને કાર્યો જણાવે છે કે જેની સંખ્યા પાંચની છે: અઠમની તપસ્યા, સંવત્સરી પ્રતિક્રમણ, પરસ્પર ક્ષમા માંગવી, ચૈત્યપરિપાટી અને સાધર્મીવાત્સલ્ય, જે ગૃહસ્થ તે મહિનામાં ગમે તે કારણને લઇને આ પાંચ કાર્યો ન કરી શક્યો હોય તેણે આ પર્વના દિવસે યથાશક્તિ અવશ્ય કરવાં જોઇએ. જે માનવી આ પાંચ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યો કરે છે તેના માટે આ દિવસ પર્વ તરીકે કહી શકાય અને તે જ પર્વનો આરાધક ગણી શકાય, પણ જેને આ કાર્યો તરફ અણગમો, અરુચિ અથવા તો અશ્રદ્ધા છે તેના માટે આ દિવસ પર્વ ગણી શકાતો નથી તેથી તેને પવિત્રતાનું કારણ પણ બની શકતો નથી.

પર્વ લૌકિક તથા લોકોત્તર એમ બે પ્રકારનાં હોય છે. લૌકિક પર્વ ઐહિક જીવનને આશ્રયીને હોય છે અને તેમાં દેહને પ્રધાનતા આપવામાં આવે છે. આ પર્વમાં ખાસ કરીને વિષયપોષક પદાર્થોનો ઉપયોગ કરીને કામવાસના ઉત્તેજિત બને તેવી પ્રવૃત્તિઓ આદરવામાં આવે છે. પુદ્‌ગલાનંદી માનવી માત્રને આ પર્વની આરાધનામાં મતભેદ હોતા નથી તેથી બધાય એક સરખી રીતે ઉજવે છે, કારણ કે બધાયનું ધ્યેય એક સરખું જ હોય છે. સારાં સારાં મિષ્ટાન્ન બનાવીને કે ખરીદીને પાંચ સાત મિત્રોની સાથે કે સગાંસંબંધીઓની સાથે બેસીને હાસ્ય-વિનોદપૂર્વક ખાવાં, સારાં કીમતી વસ્ત્રો તથા ઘરેણાં પહેરીને નિશ્ચિંત થઈને જ્યાં ત્યાં ફરવું, નાટક સિનેમા જોવા વિગેરે પ્રવૃત્તિઓ પોતપોતાની આર્થિક સંપત્તિના પ્રમાણમાં જે દિવસે ઉત્સાહ તથા આનંદપૂર્વક કરવામાં આવે છે તે લૌકિક પર્વની ઉજવણી કહેવાય છે. તે દિવસે બીજી બધી પ્રવૃત્તિઓ છોડી દઇને ફક્ત મોહગ્રસ્ત જીવને રાજી કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ પર્વમાં કોઇ પણ પ્રકારના ધર્મનું ધ્યેય ન હોવાથી પુદ્‌ગલાનંદી માનવી માત્ર સાથ આપે છે અને તેનો વિરોધ કોઈ પણ કરતું નથી. જેઓ લોકોત્તર પર્વના નામથી આવી પ્રવૃત્તિઓ આદરે છે તેઓ પણ લૌકિક પર્વ જ ઉજવે છે; કારણ કે લોકોત્તર પર્વમાં વૈષયિક વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે.

લોકોત્તર પર્વના પણ સમ્યગ્ અને મિથ્યા એમ બે પ્રકાર છે. આ પર્વમાં આત્માને પ્રધાનતા આપવામાં આવી છે, તેથી આત્માને ઉદ્દેશીને દરેક પ્રવૃત્તિ આત્મશ્રેય માટે કરવામાં આવે છે. તાત્પર્ય કે માનવી ધર્મ સમજીને, પછી તે સમજણ મિથ્યા જ કેમ ન હોય, જે કાંઇ પ્રવૃત્તિ કરે છે તે લોકોત્તર પર્વ કહેવાય છે. તીર્થ તરીકે મનાતી નદીઓમાં સ્નાન કરવું, ફળાહાર કરી ઉપવાસ માનવો, યજ્ઞ કરવા, મરણ પાછળ પિંડાદિ દાન કરવું વિગેરે જે કાંઇ પુન્યધર્મ માની પ્રવૃત્તિ કરવામાં આવે છે તે મિથ્યા પર્વ કહેવાય છે. જો કે આ બધીય પ્રવૃત્તિઓ આત્માને ઉદ્દેશીને થાય છે અર્થાત્ ધર્મ સમજીને કરવામાં આવે છે તોયે તેમાં હિંસાને સ્થાન હોવાથી તથા ભોગને અવકાશ હોવાથી મિથ્યા પર્વ જ કહી શકાય; કારણ કે હિંસક-પ્રવૃત્તિ આત્મવિકાસની બાધક છે પણ સાધક નથી. જ્યાંસુધી કષાય તથા વિષયપોષક સાધન અને પ્રવૃત્તિનો ત્યાગ કરવામાં આવે નહિં ત્યાં સુધી તે મિથ્યા ધર્મ જ કહી શકાય, અને તેથી પર્વ દિવસે પણ જો આવી પ્રવૃત્તિ કરવામાં આવે તો તે પર્વ પણ મિથ્યા કહેવાય છે. કદાચ કોઇ પ્રવૃત્તિમાં કષ્ટાનુષ્ઠાનને અવકાશ મળતો હોય અને આત્મસન્મુખપણા જેવું દેખાતું હોય તોપણ માનવી તાત્ત્વિક બોધથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શૂન્ય હોવાથી આત્મવિકાસ સાધી શકતો નથી પણ પુન્યકર્મ બાંધી શકે છે; જેથી આત્મા ભાવી ગતિમાં દેવપણાની અથવા તો મનુષ્યપણાની બાહ્ય સંપત્તિ મેળવવાનો અધિકારી બની શકે છે, માટે તે આત્મિક સંપત્તિથી વંચિત રહેવાથી પરિણામે સંસારભ્રમણમાંથી છૂટી શકતો નથી. અને એટલા માટે જ તે લોકોત્તર પર્વ હોવા છતાં પણ તેને મિથ્યાપર્વ કહેવામાં આવે છે.

લોકોત્તર સમ્યગ્પર્વમાં અહિંસાનું સારી રીતે પાલન કરવામાં આવે છે. કોઇ પણ જીવને દુઃખ ન થાય એટલા માટે સર્વથા અન્નજળનો ત્યાગ કરવામાં આવે છે, મન-વચન-કાયાથી પાપનો વ્યાપાર ન કરવા ન કરાવવાની પ્રતિજ્ઞા લઇને બે ઘડી સુધી એક સ્થળે સ્થિર થઇને બેસવામાં આવે છે, ચાર પ્રહર-આઠ પ્રહર-ચોસઠ પ્રહર કે એથી યે વધારે દિવસ આહાર-શરીરશુશ્રૂષા-પાપવ્યાપાર અને અબ્રહ્મનો ત્યાગ કરીને ધર્મસ્થળમાં રહીને સાધુપુરુષોનું અનુકરણ કરવામાં આવે છે, ફક્ત ધર્મના વ્યાપાર સિવાયના બધાય વ્યાપારોનો ત્યાગ કરવામાં આવે છે. પ્રભુપૂજન-સ્તવન-મનન તથા સ્મરણ કરવામાં આવે છે. રસત્યાગ કરવામાં આવે છે ઇત્યાદિ સ્વપર-દયાપ્રધાન પ્રવૃત્તિઓ જે દિવસોમાં આદરવામાં આવે છે તે લોકોત્તર સમ્યગ્-પર્વ તરીકે ઓળખાય છે. તેથી તે દિવસો પવિત્ર કહેવાય છે. બાર મહિનામાં જે દિવસોને સર્વોપરી ગણીને ફરજીઆત કે મરજીઆત અત્યંત આદરપૂર્વક ઉજવવામાં આવે છે તેને પર્યૂષણા કહીને ઓળખાવ્યા છે. આ પર્યૂષણાના દિવસોમાં મહાન્ પુરુષો આત્મશ્રેયસાધક પ્રવૃત્તિ આદરતા આવ્યા છે. ઘણી જ શાંતિ તથા સમતાપૂર્વક આ પર્વનું બહુમાન જાળવતા આવ્યા છે.

પર્યૂષણાનો બીજો અર્થ સર્વથા પ્રકારે રહેવાનો જે કરવામાં આવે છે તે સાધુ મહાપુરુષોને આશ્રયીને છે. જો કે ત્યાગી મહાપુરુષોમાં સંયમબાધક અનેક દોષોના સંભવ હોવાથી એક સ્થળે વધુ રહેતા નથી; તોપણ વર્ષાઋતુમાં જીવાકૂળ ભૂમિ થઇ જવાથી જીવોની વિરાધના ટાળીને સંયમની રક્ષાને માટે જે દિવસથી એક સ્થળે રહેવાની શરૂઆત કરે છે તેને પર્યૂષણા કહેવામાં આવે છે. તે દિવસે હમેશ કરતાં વધુ પ્રમાણમાં જપ-તપ-આલોચના-નિંદના તથા પ્રાયશ્ચિત્ત કરે છે. આ બધી પ્રવૃત્તિઓ દ્રવ્ય પર્યૂષણાને આશ્રયીને હોય છે, બાકી ભાવ પર્યૂષણા તો ત્યાગી મહાપુરુષોની નિરંતરની હોય છે અને તે પ્રતિદિન વિશિષ્ટ-વિશિષ્ટતર ભાવશુદ્ધિ તથા આત્મશુદ્ધિને સ્પર્શવાવાળી હોય છે; કારણ કે સમ્યગ્જ્ઞાનની સહાયતાથી ક્ષણિક પૌદ્‌ગલિક સુખોનો સર્વથા ત્યાગ કરીને શાશ્વતા આત્મિક સુખની પ્રાપ્તિ માટે પ્રતિજ્ઞાપૂર્વક આત્મગવેષણા કરનારા મહાપુરુષો કષાય તથા તેના દોષોમાં વિચરતી મનોવૃત્તિઓને આત્મક્ષેત્રમાં સ્થિર કરવાની પ્રવૃત્તિઓવાળા હોય છે; તેથી તેમની ભાવશુદ્ધિની સાથેસાથે આત્મશુદ્ધિની પણ નિરંતર વૃદ્ધિ થતી જાય છે; એટલે તેમની ભાવપર્યૂષણા વગરની કોઇ પણ પળ હોતી નથી. છતાં અનાદિકાળના અભ્યાસને લઇને પ્રમાદના દબાણથી બાર મહિનામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલી અન્યથા પ્રવૃત્તિઓની અશુદ્ધિથી શુદ્ધ થવાને માટે જે દિવસે વિશિષ્ટ જપ-તપ તથા પ્રાયશ્ચિત્ત કરે છે તે દ્રવ્ય પર્યુષણા કહેવાય છે. આ પ્રમાણે ત્યાગી પુરુષો દ્રવ્ય તથા ભાવથી પર્યુષણાનું આરાધન કરી શકે છે, ત્યારે ગૃહસ્થો ચોવીસે કલાક કષાય-વિષયના ઉદ્દીપક પ્રસંગોમાં રહેનારા હોવાથી દ્રવ્ય પર્યુષણા આરાધી શકે છે; અર્થાત્ જપ-તપ-પૂજા-પ્રતિક્રમણ વિગેરે ધાર્મિક ક્રિયાઓ કરે છે અને સામાયિક-પૌષધ આદરે છે તેથી તેઓને ધર્મસ્થળમાં સ્થિર રહેવાનું જ થાય છે. બાકી આત્મસ્વરૂપમાં રહેવું ગૃહસ્થોને માટે ઘણું જ કઠણ કામ છે, કારણ કે પુદ્ગલાનંદી નિરંતર આરંભ-સમારંભની પ્રવૃત્તિઓમાં રક્ત રહેનાર, આત્માને ઓળખી શકતો નથી અને તેથી આત્મસન્મુખ ન થવાથી આત્મસ્વરૂપમાં રહી શકતો નથી, દેહાધ્યાસ અને વિષયાસક્તિ આત્મસ્વરૂપને ઓળખવા દેતાં નથી. સ્પર્શ બોધવાળો કોઇક જ ગૃહસ્થ એવો હશે કે જે બાહ્યની પ્રવૃત્તિઓમાંથી માનસિક નિવૃત્તિ મેળવીને પ્રભુના કથન કરેલા સામાયિક-પૌષધ આદરીને આત્મસ્વરૂપમાં સ્થિર રહી શકે છે. તેથી એવાને માટે તો ભાવપર્યુષણાની આરાધના કહી શકાય. ઉપશમભાવે ધાર્મિક પ્રવૃત્તિઓ આદરવાની પ્રભુઆજ્ઞા છે છતાં જે ધાર્મિક પ્રવૃત્તિઓમાં કષાય-વિષયનો આદર કરે છે તે પ્રભુની આજ્ઞાનો વિરાધક હોવાથી પર્વનો આરાધક કહી શકાય નહિં. પર્વ અને કષાય-વિષય બંને પરસ્પર અત્યંત વિરોધી છે. એકબીજાના બાધક છે પણ સાધક નથી. ધર્મના નામે ઓળખાતી ગમે તેવી અને ગમે તેટલી પ્રવૃત્તિઓ કેમ ન કરવામાં આવે પણ જ્યાં સુધી પ્રભુની આજ્ઞાઓનું પાલન ન થાય ત્યાં સુધી આરાધકપણાનો દાવો કરી શકાય નહિં છતાં જે પોતાને આરાધક માનવાનો-મનાવવાનો પ્રયાસ કરે છે તે અનંતા તીર્થંકરોની આશાતના કરે છે. આત્મદૃષ્ટિ બન્યા સિવાય ભવભીરુતા આવી શકે નહિં અને તે સિવાય તો પ્રભુની આજ્ઞા માંગી શકાય જ નહિં. આજ્ઞા સાચી રીતે સમજવાને માટે દર્શનમોહના ઉપશમ ભાવની જરૂરત છે. જે જીવો દર્શન મોહના ઔદયિક ભાવથી વાસિત થયેલા છે તેમને પ્રભુ વચન સારી રીતે સમજાતાં નથી એટલે તેઓ પોતાની સમજણને પ્રભુવચન તરીકે ઓળખાવીને કદાગ્રહનો આશ્રય લે છે. પોતાના જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લઇને મંદ બુદ્ધિવાળા કદાગ્રહી અથવા તો સરલ બુદ્ધિવાળા શ્રદ્ધાળુઓને પોતાની સમજણ સાચી જ છે એવી શ્રદ્ધા બેસાડવા પ્રયાસ કરે છે માટે તેઓ બહારથી ગમે તેવી દયા દેખાડતો હોય તો પણ તે આરાધક કહી શકાય નહિં. જ્યાં દર્શન મોહનો ઉપશમ ભાવ નથી ત્યાં ચારિત્ર મોહનો ઉપશમ કે ક્ષયોપશમ ભાવ હોય જ ક્યાંથી અને ચારિત્ર મોહના ઉપશમ કે ક્ષયોપશમ ભાવ સિવાય તો કષાય તથા વિષયોનો અનાદર કરવો અત્યંત કઠણ છે. ઇંદ્રિયોના બધા ય વિષયોમાં દાનનો વિષય બળવાન હોય છે કારણ કે તે અહંતાને પોષવાને માટે અત્યંત ઉપયોગી હોય છે. ત્યાગી હોય કે ભોગી કોઇ પણ આ વિષયથી મુક્ત નથી. ઉપશમભાવ સિવાયના દરેક જીવોને આ વિષય બહુ જ કનડે છે. પોતાના વિચારો તથા વચનો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની પ્રશંસા સાંભળવાને માટે અને જનતાને આકર્ષવાને માટે માનવી સર્વજ્ઞના વચનોની પણ અવગણના કરે છે. સર્વજ્ઞોની દૃષ્ટિમાં જે વસ્તુ જે સ્વરૂપે છે તે તો તે જ સ્વરૂપે રહેવાની તેને કોઈ અન્ય સ્વરૂપે વર્ણવે તો તે બદલાતી નથી. છતાં અહંભાવથી કોઈ બદલવા પ્રયાસ કરે તો તે પ્રભુની આશાતના કરે છે. જે પોતાને અજ્ઞાની માને છે તેને આગ્રહ હોતો નથી તેથી તે અણજાણપણે ભ્રાંતિથી પ્રભુના વચનથી વિપરીતપણે વર્તે તો પણ તે આરાધક છે; કારણ કે તેને પોતાનું વર્તન પ્રભુની આજ્ઞા વિરુદ્ધ કોઈ પણ નિમિત્તથી જ્યારે જણાય છે ત્યારે તે નિરાગ્રહી હોવાથી પશ્ચાત્તાપપૂર્વક પોતાના વિરુદ્ધ વર્તનની માફી માંગી લે છે અને પ્રભુ આજ્ઞા પ્રમાણે વર્તવા તરફ લક્ષ્ય આપે છે. પણ સાચી સમજણનું મિથ્યાભિમાન કદાગ્રહશીલ બનાવે છે અને તેથી તે કોઈ પણ પ્રકારે સાચું શોધવાની કે સાચું સ્વીકારવાની અપેક્ષા રાખતો નથી. અને પોતાના વચનને અનુસરતું પ્રભુનું વચન છે એમ સિદ્ધ કરવા પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે, પણ પ્રભુના વચનને અનુસરવા પોતાનું વચન ફેરવતો નથી; કારણ કે તેને પ્રભુના વચન કરતાં પોતાના વચનની કીંમત ઘણી હોય છે અને તેથી કરીને જ તે પ્રભુના વચનને ફેરવીને પોતાના વચનને અનુસરતું બનાવે છે; માટે આવા જીવો અજ્ઞાનતાથી પ્રભુના વચનોનો અવળો પ્રચાર કરીને વિરાધક બને છે પણ આરાધક બની શકતા નથી. સાચી સમજણ અને કદાગ્રહ બંનેનો પરસ્પર મેળ હોતો નથી માટે જ્યાં સાચી સમજણ હોય છે ત્યાં કદાગ્રહને અવકાશ જ નથી, કારણ કે સાચી સમજણ સમ્યગ્જ્ઞાની પુરુષોમાં હોય છે તેથી તેઓ સર્વજ્ઞના વચનને અનુસરીને વચન-વ્યવહાર કરવાવાળા હોય છે. કદાચ ભૂલથી પોતાના વચનમાં સર્વજ્ઞના વચનનો વિરોધ આવતો હોય તો તરત સુધારીને સ્વીકારી લે છે પણ આગ્રહ દ્વારા કષાયને પોષતા નથી. તેમજ અસત્યનો પણ આદર કરતા નથી તેઓ પોતે સાચું જાણી સાચું સમજીને બીજાને સાચું સમજાવવા છતાં પણ જો તે ન માને તો માધ્યસ્થ ભાવનાનો આશ્રય લે છે પણ પરને કલેશોત્પાદક વાણીનો વ્યાપાર કરતા નથી તે જ સાચી સમજણવાળા નિરભિમાની તથા કદાગ્રહમુક્ત કહી શકાય પણ દ્વેષના આશ્રિત બનીને કુવાણીથી પરને કલેશ ઉત્પન્ન કરનાર સાચું જાણતા નથી એટલું જ નહિં પણ કદાગ્રહી હોવાથી પ્રભુ આજ્ઞાના આરાધક પણ બની શકતા નથી.

સહુ કોઈ જાણે છે અને કહે પણ છે કે-કષાયનો આદર કરવામાં અને વિષયાસક્ત બનવામાં પ્રભુ સંમત છે જ નહિં, તો પછી જે પ્રવૃત્તિમાં કષાયોનો આદર કરવો પડે તે પ્રભુની આજ્ઞાથી વિરુદ્ધ વર્તન જ કહી શકાય. આવું વર્તન સારું કહેવાય નહિં અને તેથી આરાધક પણ બની શકાય નહિં. અત્યારે પ્રભુ અને તેમની વાણી આ બંનેમાંથી એકેય વિદ્યમાન નથી પણ તેમના પ્રતિનિધિ-સ્થાપના-તરીકે પ્રતિમા તથા પુસ્તક વિદ્યમાન છે. આ બંને વસ્તુ નિર્જીવ હોવાથી અમારા અલ્પ બુદ્ધિવાળાનો શંકાસંદેહ ટાળી શકે નહિં તેમજ પુસ્તક વાંચીને ખોટું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક અભૂતપૂર્વ ઘટના

લેખક:—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

ભગવાન મહાવીરસ્વામી કોશલ ભૂમિમાં વિચરતા ધીમેધીમે આગળ વધી રહ્યા હતા. એ વેળા ભગવંતના પટ્ટધર શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ પોતાના શિષ્યગણ સહિત આગળ વિહાર કરી શ્રાવસ્તી નગરીના કોષ્ટક ચૈત્યમાં આવી ઉતર્યા. એ જ નગરીના તિંદુક ઉદ્યાનમાં ભગવંત શ્રી પાર્શ્વનાથના સંતાનીય કેશીકુમાર શ્રમણ સ્વશિષ્ય સમુદાય સહિત પૂર્વે પધારેલા હતા.

ઉભય સ્થવિરોના સાધુઓ ગમનાગમન કરતા પરસ્પરમાં આચારભિન્નતા જોઇ વિચારમાં પડી ગયા!

મોક્ષપ્રાપ્તિ એ જ જે ધર્મનું અંતિમ ધ્યેય છે એના અનુયાયી શ્રમણોમાં વેશભિન્નતાનું શું પ્રયોજન? વળી વ્રત ગ્રહણમાં પણ જુદાપણું શા કારણે? શિષ્ય સમુદાયમાં ચર્ચાસ્પદ બનેલા એ પ્રશ્નો ઉભય સ્થવિરોના કાન પર્યંત પહોંચ્યા. પરસ્પર મળી એની છણાવટ કરવી એવો નિશ્ચય ઉભયે કર્યો.

ગણધરમુખ્ય શ્રી ગૌતમ વ્યવહારના જ્ઞાતા અને સમયના જાણ હતા. કુમારશ્રમણ કેશી ગમે તેમ તો પણ વૃદ્ધ કુલના મોવડી હતા. શ્રી પાર્શ્વનાથ ભગવંતની પરંપરામાં આવેલા હતા. તેમની પાસે પોતાએ જવું એ ઉચિત માની, સ્વશિષ્યોના પરિવાર સહિત તિંદુકોદ્યાનની દિશામાં શ્રી ગૌતમ ચાલી નીકળ્યા.

વાત વાયુવેગે સારીયે નગરીમાં પ્રસરી ગઇ. શ્રી કેશીશ્રમણના કાને આ સમાચાર પહોંચતાં જ તેઓ પણ આવી રહેલા ગણધર મુખ્યનું ઉચિત સ્વાગત કરવા શિષ્યો સહિત બહુ પગે સામે આવ્યા. ઉભય મળ્યા. જોડાજોડ બેઠેલા તેઓ સૂર્ય ચંદ્રની માફક શોભવા લાગ્યા.

આ સંમેલન સાચે જ અદ્ભૂત હતું. એ જોવા ને એમાં થતી ચર્ચા સાંભળવાને

---

સમજીને બોલનારને રોકી શકે નહિં. સાચું સમજાવી શકે નહિં. ગુરુકૂળવાસની પ્રણાલિકા બંધ પડી જવાથી પરંપરાગમથી ચાલ્યું આવતું સિદ્ધાંતોનું રહસ્ય વિચ્છેદ પ્રાય: થઇ ગયું છે. અત્યારે તો ભાષામાં સૂત્ર સિદ્ધાંતો લખાયલાં છે તે ભાષાનું જ્ઞાન કરીને જાણવાનું રહ્યું એટલે કષાયગ્રસ્ત આત્માઓ કદાગ્રહગ્રસ્ત થવાથી સિદ્ધાંતોનું રહસ્ય મેળવી શકતા નથી અને મિથ્યાભિમાનથી પ્રભુના વચનોની તાણાતાણ કરીને છિન્નભિન્ન દશા કરી નાંખવાથી વિરાધક ભાવની દિશામાં ઘસડાઇ રહ્યા છે માટે જો તેમ ન થવા પામે તો ભાવ પર્યુષણાનું આરાધન થઇ શકે છે અને પ્રભુની આજ્ઞા પણ જાળવી શકાય છે તો ભવભીરુ આત્માએ પર્યુષણમાં કષાયત્યાગ કરીને સમતા તથા શાંતિપૂર્વક પર્યુષણા આરાધવાની આવશ્યકતા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક અન્ય તિર્થિકો, તેમજ હજારો ગૃહસ્થો ત્યાં આવી, ઉચિત સ્થાને બેસી ગયા.

ત્યાં તો રૂપાની ઘંટડીના રવ સમ કેશીકુમારનો અવાજ સંભળાયો. મહાભાગ ! ગૌતમ ! આપને હું કંઇક પૂછવા ઇચ્છું છું.

ગૌતમ–પૂજ્ય કુમારશ્રમણ ! આપને જે કંઇ પૂછવું હોય તે ખુશીથી પૂછી શકો છો.

કેશી—મહાનુભાવ ગૌતમ ! ભગવંત પાર્શ્વનાથે ચાર મહાવ્રતવાળો ધર્મ બતાવ્યો જ્યારે ભગવાન વર્ધમાનસ્વામી પાંચ વ્રત પ્રરૂપે છે. સમાન મુક્તિ-માર્ગમાં આ જાતની ભિન્નતા શા માટે ? આવો મતફેર જોઇ સાધુગણને શંકા જન્મે કિંવા અશ્રદ્ધા ઉપજે એમાં નવાઈ ખરી ?

ગૌતમ–પૂજ્ય કુમારશ્રમણ ! સર્વ જગાએ ધર્મ તત્ત્વનો નિર્ણય બુદ્ધિવડે જ કરાય છે. એ કારણથી જે કાળમાં જેવી બુદ્ધિવાળા મનુષ્યો હોય છે તે કાળમાં ધર્મપ્રણેતા તે પ્રકારનો ઉપદેશ કરે છે.

પ્રથમ તીર્થપતિના સમયમાં મનુષ્યો હોય છે સરલ પણ બુદ્ધિના જડ હોય છે એટલે એમના સારુ આચારમાર્ગની શુદ્ધિ કઠીણ છે. અંતિમ જિનના શાસનમાં ઘણુંખરૂં કુટિલ અને જડબુદ્ધિવાળા મનુષ્યોની અધિકતા હોય છે એટલે આચાર–પાલન કઠીણ હોય છે. એ કારણે વસ્તુ સ્પષ્ટ કરી બતાવવી જરૂરી છે. એ સારુ પંચમહાવ્રત બતાવાય છે, પરંતુ વચલા બાવીશ જિનના કાળમાં આવી કોઇ વિષમતા નથી. જીવો સરળ અને ચતુર હોય છે. તેઓ થોડામાં ઘણું સમજી લે છે અને આચારપાલનમાં પણ શુદ્ધતા જાળવે છે. એ કારણથી ચાર મહાવ્રતની પ્રરૂપણા તેમના સારૂ પર્યાપ્ત છે. પરિગ્રહમાં સૌ કોઇ વસ્તુ સાથે સ્રીજાતિનો સમાવેશ સમજવો એમને મુશ્કેલ નથી.

ઠીક, મહાનુભાવ ! અમારે માટે સવસ્ત્ર ધર્મ કહ્યો છે જ્યારે ભગવંત મહાવીર તો અચેલક ધર્મનો નાદ ગજવે છે એનું શું ? ઉભયને ચારિત્ર માર્ગનું પાલન કરવાનું છે ત્યાં આ ભેદ વિચિત્ર નથી જણાતો ?

કુમારશ્રમણ ! વિચિત્રતા જેવું કંઇ જ નથી. એ પાછળની અપેક્ષા વિચારવી જોઇએ. ધર્મની સાધના જ્ઞાન સાથે સંબંધ રાખે છે. બહારનો વેશ તો માત્ર ઓળખાણ અને સંયમના નિર્વાહનું કારણ છે. જ્યાં વસ્ત્રની મૂર્છાનો સદ્ભાવ જણાયો ત્યાં એ માટેના દ્વાર સદંતર બંધ કરાયા. બાકી મોક્ષપ્રાપ્તિના મુખ્ય કારણો તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ છે.

ગણધરમુખ્ય ! તમો હજારો શત્રુઓની વચમાં રહ્યા છતાં, અરે ! એમના હુમલા ચાલુ છતાં, એ સર્વને તમોએ કેવી રીતે જીત્યા ?

કુમારશ્રમણ ! સૌ પ્રથમ મેં એક શત્રુને જીત્યો. એ પછી બીજા ચાર અને ત્યાર બાદ બીજા પાંચ, આટલી જીત પાકી થઇ તો હજારોને જીતવામાં કંઇ જ મુશ્કેલી નથી. આત્માને જીતનાર જગત જીતી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં લગી પોતાના આત્મા પર કાબૂ નથી પ્રાપ્ત થતો ત્યાં લગી એકડા વિનાના મીંડા જેવી સર્વ કાર્યવાહી છે. પરવશ આત્મા જ મોટો શત્રુ છે. એ જ્યાં વશ થયો ત્યાં એને વારંવાર ચક્રાવે ચઢાવનારા ચાર કષાયો-ક્રોધ-માન-માયા અને લોભ-જોતજોતામાં જીતાય છે. એ ચંડાળ ચોકડી પરનો જય એ નાની-શૂની વાત નથી. એનાથી સર્વથા મુકાનાર આત્મા મુક્તિના દ્વાર ખખડાવે છે એવું જ્ઞાની ભગવંતનું ટંકશાળી વચન છે. આત્મા ઉપરના અંકુશ અને કષાય જય મળી પાંચના અંક પછી પાંચ ઇંદ્રિયો પર મીંડું માંડવી. આ દશના પર કાબૂ ધરાવનાર હંસલાની નોંધમાં પરાજય સંભવતો જ નથી. એના માટે પીછેહઠ જેવું છે જ નહીં. ઇંદ્રિયો પર કાબૂ અને કષાયો પર જય-માટે જ સંયમ પંથની અગત્ય છે.

મહાભાગ ઇંદ્રભૂતિ! આ લોકમાં કર્મરાજે એવી જાળ બિછાવી છે કે એમાં ભલભલા અભ્યાસી જીવો જૂદાજૂદા પાશમાં બંધાય છે, પણ તમોને જોતાં સહજ જણાય છે કે એ ભીતિથી તમો તો અલિપ્ત છો, અરે સર્વતંત્રસ્વતંત્ર છો! એ કઇ કેરામત છે? કુમારશ્રમણ! જૈન દર્શન ધાણી વગાડીને કહી રહ્યું છે કે જે કંઇ સંસારમાં વિટંબણાનું ચક્ર ફરી રહ્યું છે એ સર્વ પાછળ કર્મરાજના કહેવા કુંવર મોહનો હાથ છે.

રાગ-દ્વેષ અને સ્નેહબંધન એ જ કપરામાં કપરા અને તીવ્રમાં તીવ્ર પાશ છે. જીવે એના ઉચ્છેદ પાછળ એક ચિત્તથી મંડવું જોઇએ, ઘાના મારા સતત ચાલુ રાખવા જોઇએ. સંસારના મૂળ સમ આ રાગદ્વેષરૂપી જોડીનો જ્યાં સર્વથા ઉચ્છેદ થયો ત્યાં 'ભવતૃષ્ણા' રૂપી વેલનું ઉન્મૂલન તો સહજ છે. કષાયરૂપી અગ્નિ ઠારવામાં કંઇ જ મુશ્કેલી નથી. મનરૂપી ચપળ તુરંગને વશ કરવામાં વિલંબ થતો જ નથી. શ્રુતજ્ઞાનરૂપી લગામ ખેંચી કે એ મનડામાકડ હાથ થયા જ સમજો.

શ્રી ઇંદ્રભૂતિ ગૌતમના સરલતાથી ગળે ઉતરી જાય એવા જવાબો સાંભળી કેશીકુમાર શ્રમણ તો આનંદ પામ્યા, પણ સારોયે શ્રોતાવર્ગ મંત્રમુગ્ધ બની ગયો. આવી અપૂર્વ વિદ્વત્તા હોવા છતાં નહોતો ગર્વ કે નહોતો આડંબર! સરલતા તો અણુએ અણુમાં રમતી હતી. ચાર જ્ઞાનના ધણી, જાતે ઊઠીને શંકા ધરનારના આંગણે પધાર્યા હતા! વાર્તાલાપ એવી સુંદર રીતે કરી રહ્યા હતા કે સૌ કોઇની દૃષ્ટિ તેઓ આગળ શું કહે છે તે તરફ કેંદ્રિત થઇ હતી. કેશીકુમાર શ્રમણ પણ શ્રોતાઓનો ભાવ કળી જઇ તાત્વિક પ્રશ્નમાં આગળ વધ્યા.

જગતમાં કુમાર્ગનો ટોટો નથી કે જેનું અવલંબન કરી જીવો સંસાર-ભ્રમણ વધારે છે. જ્યારે આપે તો એ સાવ ઘટાડી દીધું છે તો એ કયા માર્ગથી?

જિન ભગવંતોએ ઉપદેશેલ 'પ્રવચન' એ જ સન્માર્ગ છે. હું એ પર મારા અનુભવના જોરે મહોર મારું છું. 'જિન-પ્રવચન'ને યથાર્થ સમજી એ મુજબ ક્રિયા કરનાર ભવનો પાર પામે છે જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસારમાં જરા મરણના કપરા દુઃખોની એવી તો ઝડી વરસી રહેલી ગોચર થાય છે કે પ્રાણી વર્ગનો અતિ મોટો સમુદાય એમાંથી બચવા સારૂ-મનો એનાથી છૂટકારો મેળવવા માટે-શરણ શોધે છે. અનુભવીના મેળાપ આડીઅવળી સલાહથી અથડાયા કરે છે, યોગ્ય શરણ મળતું નથી.

સાચા શરણરૂપ જો કોઇ હોય તો તે ધર્મ છે. પણ એ ધર્મને યથાર્થ ઓળખવામાં ખાસ તકેદારી રાખવી જોઈએ. ચળકાટ કે સફેદાઇ માત્રથી અને મણિને સરખા ન ગણી શકાય. મણિની પારખ માટે ઝવેરીપણાનો ભવ જોઇએ. એક કાળે હું પણ આવી જ ભ્રમણામાં ભટકતો હતો અને કથીર-ચન માની, મારી જાતને પૂર્ણ જ્ઞાની માની બેઠો હતો. પણ પૂર્વનું કંઇક ઉદયમાં આવ્યું અને અચાનક મહાગોપ મહાસાર્થવાહનો યોગ સાંપડ્યો. તો અભિમાન કરી જીતવા પણ એ સર્વજ્ઞની મીઠી વાણીએ મારા અજ્ઞાન-ચીરી નાંખ્યા ! માત્ર ત્રણ જ પદમાં સાચા જ્ઞાનની ઝાંખી કરાવી. વયમાં છતાં જ્ઞાનમાં ગરિમ એવા એ અંતિમ જિને બતાવેલ ધર્મનું શરણ એ જ ભવભ્રમણમાંથી કાયમને માટે છોડાવનાર છે.

નાવ, સૂર્ય, નિરુપદ્રવ સ્થાન વિગેરે પ્રશ્નો કેશી શ્રમણ તરફથી મુકાતા ગયા-થી ગૌતમ એના જવાબ આપતા ગયા. એ અંગે વિશેષ જાણવા સારુ ધ્યયન સૂત્રનું ૨૩ મું અધ્યયન જોવું ઘટે.

અંતમાં કેશી શ્રમણ અંતરના ઉમળકાથી બોલી ઊઠ્યા—

ઇંદ્રભૂતિ ગૌતમ, તમારી બુદ્ધિને ધન્યવાદ ઘટે છે. મારા સંશયનું તમોએ હરણ કર્યું છે. મારા ગણ ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. સર્વ સૂત્રોના સાગર સમા આપને નમસ્કાર છે. તરત જ ઊભા થઇને માથું નમાવી અભિ-કર્યું. ગુરુનું અનુકરણ શિષ્યોએ કર્યું. આવું અપૂર્વ દ્રશ્ય જોઇ સૌ કોઈના ભીના બન્યા.

એ કાળમાં વાદ વિવાદની સાઠમારી ચાલતી. વાણીયુદ્ધ ને વાક્‌પ્રહારની નહોતી. વાદીઓ પણ ઠેરઠેર જણાતા. ઘણી વેળા કોઠી ધોઈ કાદવ કહાડવા થતું. ત્યાં ઉપર વર્ણવ્યા પ્રસંગ સૌ કોઈને આહ્‌લાદનું કારણ બને એમાં પણ શું ?

શાસ્ત્રકાર જણાવે છે તેમ કેશીકુમાર શ્રમણે સપરિવાર ભગવાન્ મહાવીરનો મહાવ્રતરૂપ ધર્મ એ વેળા શ્રી ગૌતમસ્વામીના હાથે સ્વીકાર્યો. ઉભયના સંમેલનથી શ્રુતજ્ઞાન અને સંયમધર્મનો પ્રભાવ અતિ વિસ્તર્યો. જૈન દર્શનની નાથી સારીયે નગરી ધમધમી રહી.

પર્વાધિરાજ પર્યુષણના મહા ટાણે આ લેખમાંનું હાર્દ આપણે સહુ યથાર્થ વિચારીએ. ચતુર્વિધ સંઘમાં સમાઇ જતી નાનાથી માંડી મોટામાં મોટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકાગ્રતા (Concentration)

(લેખક:—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ—માલેગામ)

કોઇપણ કાર્યની સિદ્ધિ તેના કર્તાની એકાગ્રતા ઉપર આધાર રાખે છે. કોઇ વિદ્યાર્થી એકાગ્રતાથી અભ્યાસ કરે છે તે જ પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે. કોઇ વેપારી અધુરા મનથી વેપાર કરે છે તો તે વેપારમાં ખોટ જાય છે. ચિત્રકાર જ્યારે એકાકાર થઇ પોતાની પીંછી ચલાવે છે ત્યારે જ તે ચિત્રમાં મોહકતા અને પ્રાણ રેડી શકે છે. શિલ્પી જ્યારે પોતાની ધ્યેયસિદ્ધિમાં એકરૂપ થાય છે ત્યારે તે સુંદરતા કેળવી શકે છે. તેવી જ રીતે ધાર્મિક ધ્યાનમાં જે પોતાના ઇષ્ટદેવ અને તેના સર્વોત્તમ ગુણો સાથે ભક્તિભાવપૂર્વક વિનમ્રભાવે તદાકાર થાય છે ત્યારે જ તે ધ્યાન સ્થિરભાવે કરી શકે છે. મતલબ કે, ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની વિશુદ્ધિ એ જ મુખ્ય કાર્યસિદ્ધિનું મૂળ હોય છે.

કેટલાએક બંધુઓ પૂજા કરતા, સામાયિક કરતા કે માળા ફેરવતા સ્થિરતા રહેતી નથી એવી ફરિયાદ કરે છે. અને કહે છે કે—અમો તો ખૂબ સ્થિરતાથી મન સ્થિર કરવાનો પ્રયત્ન કરીએ છીએ છતાં કોણ જાણે કેવા અંતરાય કર્મો આવી ઊભા રહે છે અને અમો સ્થિરતા મેળવી શકતા નથી. માળા ફેરવીએ તો ઊંઘના ઝોકા આવી જાય અને કદાચ કોઇ આસામી તરફ લેણી ઉધાર રકમની ચિંતા મનમાં જાગી ઊઠે. પૂજા કરવા જઇએ ત્યારે કંઇ કંઇ વગર કામની બીનજરૂરી વાતો પણ યાદ આવી જાય અને તેની ગડ-

---

વ્યક્તિને પ્રેમભાવે પ્રાર્થના છે કે-સૂત્રમાં સંગ્રહ કરાયેલ આ પ્રસંગ જૈનદર્શનની ગૌરવ ગાથા સૂચક તો છે જ, એ આગેવાની કરતા ઉભય સંતોની સરલવૃત્તિ દર્શાવનાર પણ છે જ; પણ એ ઉપરાંત આગામી કાળના માનવોને હૃદયમાં કોતરવા લાયક બોધપાઠ પૂરો પાડનાર અમોઘ સાધનરૂપ છે, એ વાત રખે ભૂલાય.

આજની આપણી છિન્નભિન્ન દશામાં, નિર્નાયક જેવી સ્થિતિમાં, ઘર ઘરના ગંગાજી જેવા વહેવારમાં, ઉપર નાખેલી અદ્ભુત ઘટના બીજ્વરભર્યું પાચરણ માંગે છે. સત્યના નામે વહાણુ વહેતા મૂકવા એમાં મુશ્કેલી નથી. સાચી આવડત તો એ વહેતાં મૂકેલા વહાણને અગાધ સાગર પાર ઉતારી કિનારે લઇ જવામાં છે. નાવિકની કુશળતાની પરીક્ષા ત્યારે જ થાય છે. જૈન સમાજને આજે એવા સુકાનીની જરૂર છે.

જૈન દર્શન જેવું અદ્વિતીય દર્શન અને અનેકાંતરૂપી સમન્વયદ્વારા સર્વ વાતો ઉકેલવાની જ્યાં તરકીબો ભરી પડી છે, એના જ સંતાનો આજે વેરવિખેર દશામાં અન્યના સધિયારા શોધતા આથડે છે! આ વાત ઓછી દુ:ખકર નથી જ.

પ્રભો! પુનઃ એક વાર કેશી ને ગૌતમ જેવા સંતો પ્રગટાવો, એ જ અભ્યર્થના.



For Private And Personal Use Only

ગાયનમાં મન એટલું બધું રોકાઈ જાય છે કે, વચમાં જ કોઈ મોટેથી ઘંટ વગાડે અગર સ્તવનનો કર્ણકટુ રાગડો તાણે ત્યારે એકદમ ચમકી મન ઠેકાણે આવે છે. મતલબ કે, જેમાં એકાગ્રતાની જરૂર હોય છે ત્યાં તે અવશ્ય સધાતી નથી. આમ જેઓ કહે છે તે તેમની વાત શું સાચી છે?

ચાર સરખા સાથીઓ બેસે. એકાદ વિષય ઉપર ફોગટની ચર્ચા ચાલે. તેમાં ખૂબ ઊહાપોહ ચાલે. તેમાં કોઈ કાર્યકર ઉપર ટીકા ચાલેલી હોય ત્યારે કલાકોના કલાકો વહી જાય તો એ કોઈને ભાન ન હોય. ઘડીઆળ અગિયાર અને બાર ટકોરા પાડી વખતનું ભાન કરાવવાનો પ્રયત્ન કરે છતાં કોઈને તે ટકોરા પણ સાંભળવામાં આવે નહીં. એકાદ માણસ ત્યાં આવે, મૂંગે મોઢે પોતાનું કામ પતાવી ચાલ્યો જાય તો એ આ ચર્ચારસિકોને તેની ખબર પણ ન હોય. એવામાં અકસ્માત બત્તી બુઝાઈ જાય અને મોટરનું ભુંગળું મોટેથી શબ્દ પાડે ત્યારે આ બધાઓ ઝબકી ઊઠે. અને આપણે કેટલો વખત બોલતા બેઠા તેનો વિચાર કરે અને ઘડીઆળના ટકોરા પણ આપણે કેમ સાંભળ્યા નહીં તેનું આશ્ચર્ય બતાવે. અમુક માણસ અહિંયા આવી ગયાનું કોઈ પૂછે તો તેને જોયાની સાફ ના પાડે. આ પરિસ્થિતિનો વિચાર કરીએ ત્યારે તે ગપાટા પૂરતી તો તેમણે એકાગ્રતા કેળવી હતી જ એમ માનવું પડે. એકાદ ઉસ્તાદ ગાયકનું ગાયન સાંભળતા કેટલો વખત નીકળી ગયો તેની ગણના પાછળથી કરે. દુકાનમાં ગ્રાહકો આવ્યા જ કરે અને વિક્રય ચાલ્યો જ હોય ત્યારે જમવાનો કે ચ્હા લેવાનો વખત થઈ જાય, એકાદ કલાક મોડું થઈ જાય તો પણ ભાન ન હોય. ભૂખ પણ ન લાગે. એ કેમ બને? એકાગ્રતા વિના એમ બને જ કેમ? મતલબ કે આપણે એકાગ્રતા મેળવી શકતા જ નથી એમ નથી ભલે તે એકાગ્રતા દૂષિત હોય, પણ એકાગ્રતા મેળવવાનો ગુણ આપણામાં સત્તારૂપે છે જ એમાં શંકા નથી. માત્ર તેનો શુદ્ધ પ્રયોગ આપણે કર્યો નથી અને તેથી જ આપણે તે સાધ્ય કરી શકતા નથી એ સ્વતઃ સિદ્ધ છે. જે ધ્યાન અને એકાગ્રતા આપણે સાધી શકતા નથી તે એકાગ્રતા અન્ય તેવા સમર્થ પુરુષો સાધી શકે છે. એટલું જ નહીં પણ તેમાં પૂર્ણતા મેળવી શકે છે. એ વાત આપણે કબૂલ કરવી જ પડશે. પ્રભુપૂજનમાં કે ધ્યાનમાં એકાગ્રતા સાધનારને તે પરિસ્થિતિમાં કોઈ શરીર ઉપર આઘાત કરે ત્યાં તે આત્માને તેનું ભાન સરખું પણ ન થાય એ વસ્તુ અશક્ય માનવાને કાંઈ જ કારણ નથી. જેવી એકાગ્રતા પૂર્ણતાની નજીક હોય તેવા તેના પરિણામો પણ વધતા ઓછા હોઈ શકે. ભગવાન મહાવીરનો દાખલો એ માટે પૂરતો છે. પગ ઉપર ખીર રંધાય છે અને પ્રભુ સ્થિર રહે છે. શરીરની વેદનાઓ સમજવા જેટલી પણ શરીરમાં આત્માની ( Consciousness ) જ્ઞાનશક્તિ હાજર ન હોય એ જો ખરેખરા રૂપમાં સમજાઈ જાય તો એ ઉપસર્ગની શક્તિની કલ્પના આવી જાય. થોડી એકાગ્રતા સધાય છે ત્યારે ઘડીયાળના ટકોરા કાન ઉપર અથડાયા છતાં મગજ સુધી પહોંચી શકતા નથી. ત્યારે તે ધ્યાન તેની ઉચ્ચ કક્ષા સુધી પહોંચે ત્યારે તેનો ગુણ પ્રકાશ વધી જાય અને શરીરની જાણવાની શક્તિ સુપ્ત થઈ જાય એ સિદ્ધ થવાને હરકત નથી. મતલબ કે—એકાગ્રતા થઈ શકે છે, તે વધારી શકાય છે અને તેની પૂર્ણતા મેળવી

શકાય છે એમાં જરાએ શંકા નથી. આપણે એકાગ્રતા કેમ કેળવી શકતા નથી? એ પ્રશ્નનો જવાબ શું છે તે આપણે વિચારીએ.

ધનુર્ધારી લક્ષ્યબિંદુ અને બાણની અણી એક રૂપે જુએ છે ત્યારે જ તે પોતાનો વેધ સાધી શકે છે. એ બિંદુ સિવાય બીજી વસ્તુનો અંશ પણ તેની નજરમાં રહી જાય તો બાણ વેધ લઈ શકે નહીં. ધ્યાન માટે એ જ વસ્તુ સત્ય છે. ધ્યાનમાં પણ એવી જ એકાગ્રતા સાધી શકાતી હોય તો ધ્યાન સ્થિર થઈ જાય છે. એમ ધ્યાનની સાધના કરવા માટે જિજ્ઞાસુએ અનુક્રમે પોતાનો અભ્યાસ વધારવો જોઈએ.

પ્રથમ જગ્યાની વિશુદ્ધિ કરવી. ઘરમાંનો એનો એકાદ ઓરડો પસંદ કરવો કે જ્યાં બીજું કોઈ પ્રવેશી ન શકે. આસપાસ તદ્દન શાંતતા હોય, બજારનો શબ્દ સરખા પણ અંદર ન આવે એવી જગ્યા મેળવ્યા પછી ત્યાં બેસવાની જગ્યા સ્વચ્છ કરી સ્થિર આસન કરી બેસી જવું. પહેલાં તો મોઢેથી અને સ્થિરતાથી પોતાને જ્ઞાન થઈ શકે એવી રીતે સ્તુતિ સ્તોત્ર બોલવા. તે વારંવાર બોલવાથી અને મન સાથે તેનો વિચાર થવાથી તેમાં ભક્તિભાવ જાગતો જશે. એમ જ પોતાના ઇષ્ટદેવ માટે ભાવના વધુ ને વધુ સ્થિરતા ધારણ કરે, એ આગળ ઉપર ધ્યાનના કાર્યમાં વધુ મદદગાર થઈ શકશે. એક ઘડીભાગ કે બીજી કોઈ વસ્તુ એવી રીતે સામે રાખવી કે તેના બધા ભાગો આપણે પૂરી રીતે જોઈ શકીએ. એમ એક બે ક્ષણ જોઈ રહ્યા બાદ આંખ મીંચી તેનું ધ્યાન કરીએ ત્યારે પ્રથમ તો તે વસ્તુ ઝાંખી જણાશે. ધીમે ધીમે એ ટેવ વારંવાર જોઈ ફરી આંખ મીંચી જોવાનો પ્રયત્ન કરવાથી તે વસ્તુ બરાબર જોઈ શકાશે. એમ વસ્તુનિરીક્ષણ જો બરાબર સિદ્ધ થઈ જાય તો પછી પ્રભુની મૂર્તિ કે સિદ્ધચક્ર યંત્ર વારંવાર જોવાનો પ્રયત્ન કરવો. એક વખત ધ્યાન સ્થિર થવા માંડે તો પછી એકાગ્રતા સધાતી જ જવાની. અને આંખ મીંચી લેશો તો પણ સિદ્ધચક્રનું યંત્ર બરાબર તેના અંશ-ભાગ સાથે નજર સામેથી ખસવાનું નથી. એ ટેવ કેળવવા માટે સતત નિયમિત પ્રયત્ન કરવો જોઈએ, તેમાં પણ અમુક ટાઈમે જ નિત્ય મનની સ્થિરતા કરતા મનને એ ટેવ પડી જશે. જેવી રીતે અમુક વખત અમુક વસ્તુ ખાવાની કે વાપરવાની ટેવ પડતા તે વખતસર તેની સ્ફુરણા થઈ જ આવે છે અને તેના માટે આતુરતા બની જ જાય છે તે જ સ્થિતિ એકાગ્રતાની પણ છે, પણ તેના માટે અભ્યાસની ખાસ આવશ્યકતા છે. ધ્યાન અને ધારણા જે યોગના પાયારૂપે ગણાય તેનો આ પ્રાથમિક પાઠ છે.

એ પાઠ વારંવાર ગોખવાથી જેમ વિદ્યાર્થી કોઈ પણ ગાથા કે શ્લોક પૂરો યાદ રાખી શકે છે તેમ એકાગ્રતા પણ પોતાની મેળે સધાતી જશે. આત્મા સાથે મનને અને શરીરને પણ એ ટેવ પડી જશે, જેથી વિશુદ્ધ સામાયિકાદિ ક્રિયા કરવામાં ખરો રસ પડતો જશે. કોઈ સામાયિકોની ગણત્રી કરી અમુક સંખ્યા પૂરી કરવા પાછળ પડે છે તે તો કેવળ વેઠ ઉતારવા જેવું કાર્ય થઈ પડે છે. તેથી ઇષ્ટ લાભ થવો મુશ્કેલ છે. માટે ચિત્તની સ્થિરતા અર્થાત્ એકાગ્રતા સાધવા માટે પ્રયત્નશીલ થવું જેથી ધ્યાનમાં સ્થિરતા આવી શકતી નથી વિગેરે ફરિયાદ કરવાનું કારણ નહીં રહે.

---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " અનાકુટ્ટિ "

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

વસંતપુર નામે નગર હતું. ત્યાં જિતશત્રુ નામે રાજા હતો, એને ધારણી નામે રાણી હતી. આ દંપતીને ધર્મરુચિ નામનો પુત્ર હતો. એક વેળા રાજાને તાપસની દીક્ષા લેવાનું મન થયું. એટલે એણે ધર્મરુચિને રાજ્ય આપવા તૈયારી કરી. ધર્મરુચિએ પોતાની માતાને પૂછ્યું કે-હે માતા ! પિતાજી રાજ્યલક્ષ્મીનો ત્યાગ કેમ કરે છે? રાણીએ કહ્યું-આ રાજ્યલક્ષ્મી ચપળ છે, નરક ઇત્યાદિ સકળ દુઃખના કારણરૂપ છે, સ્વર્ગ અને મોક્ષના માર્ગના આગળારૂપ છે, પરમાર્થથી અવશ્ય અનર્થકારી છે અને આ લોકમાં પણ કેવળ અભિમાનરૂપ ફળવાળી છે તો એવી આ રાજ્યલક્ષ્મી શા કામની? આમ વિચારી તારા પિતાજી ત્યાગ કરે છે અને સર્વ સુખના સાધનરૂપ ધર્મ કરવાને તૈયાર થયા છે. આ સાંભળી ધર્મરુચિએ કહ્યું.-જો એમ છે તો શું હું પિતાજીને વહાલો નથી કે જેથી કરીને આ પ્રમાણેના સર્વ દોષના આશ્રયરૂપ રાજ્યલક્ષ્મી સાથે મને જોડે છે અને સર્વ કલ્યાણના કારણરૂપ ધર્મથી વિમુખ બનાવે છે? આમ બોલી એમણે રાજાની રજા મેળવી અને એની સાથે તાપસના આશ્રમમાં એઓ ગયા. ત્યાં તાપસોની તમામ ક્રિયાઓ એઓ કરવા લાગ્યા.

એક દિવસ અમાસને આગલે દિવસે કોઇ તાપસે ઉદ્‌ઘોષણા કરી કે-એ તાપસો ! આવતી કાલે 'અનાકુટ્ટિ' થશે. માટે આજે જ સમિધ, પુષ્પ, કુશ, કન્દ, ફળ, મૂળ વગેરે લઇ લો. આ સાંભળી ધર્મરુચિએ એમના પિતાને પૂછ્યું કે-હે પિતાજી ! આ 'અનાકુટ્ટિ' તે શું છે? જવાબ મળ્યો કે-કંદ, ફળ ઇત્યાદિને ન કાપવા તે 'અનાકુટ્ટિ' છે. અમાસ વગેરે વિશિષ્ટ પર્વને દિવસે 'અનાકુટ્ટિ' હોય છે, કેમકે કાપવાની ક્રિયા પાપવાળી છે. આ સાંભળી ધર્મરુચિને વિચાર આવ્યો કે જો સદા 'અનાકુટ્ટિ' હોય તો કેવું સારું?

આ પ્રમાણે એઓ વિચારતા હતા તેવામાં અમાસને દિવસે તપોવનની પાસેના માર્ગે થઇને સાધુઓને જતા એમણે જોયા. તેમને ઉદ્દેશીને એઓ બોલ્યા: કેમ આજે તમારે 'અનાકુટ્ટિ' નથી કે જેથી તમે જંગલમાં પ્રસ્થાન કર્યું છે? એ સાધુઓએ ઉત્તર આપ્યો કે અમારે તો જીવન પર્યંત 'અનાકુટ્ટિ' છે. આમ કહી તેઓ ગયા.

આ સાંભળી એ વિષે તર્કવિતર્ક કરતાં ધર્મરુચિને જાતિસ્મરણ જ્ઞાન થયું. એ દ્વારા એમને બોધ થયો કે પોતે પૂર્વભવમાં દીક્ષા લઇ દેવલોકનું સુખ અનુભવી અહીં આવ્યા હતા. આમ જાતિસ્મરણરૂપ સ્વમતિથી વિશિષ્ટ દિશાથી આગમન જાણી એઓ પ્રત્યેકબુદ્ધ થયા.*

* આચાર( સુત્ત ૪ )ની ટીકા ( પત્ર ૧૯ આ. ૨૦ અ. )માં શીલાંકસૂરિએ આમ આ પ્રત્યેકબુદ્ધનું ચરિત્ર આપી આના પછીની પંક્તિમાં વલ્કલચીરી, શ્રેયાંસ વગેરે માટે ઘટાવી લેવાની સૂચના કરી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## " પ્રકાશ " સહાયક ફંડ

અષાઢ માસના અંકમાં જણાવી ગયા પછી નીચે મુજબ સહાયની રકમ મળી છે, જે સાભાર સ્વીકારવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૩૧૨ાા | આગાઉના | |
| ૫૧) | શાહ ભગવાનલાલ હરખચંદ | ગારૂંગા |
| ૨૧) | માસ્તર પોપટલાલ સાકરચંદ | અમદાવાદ |
| ૬ાા | શાહ શિવલાલ જયચંદ | સલડી |
| ૫) | શાહ કરમચંદ ચુનીલાલ | મુંબઈ |
| ૩૯૬ા | | |

જે ભાઈઓએ પોતાનો ફાળો ન મોકલ્યો હોય તેઓ સત્વરે મોકલી આપે

## આગામી પર્યુષણપર્વ

ચાલુ વર્ષના ફાગણ માસના " જૈન ધર્મ પ્રકાશ "ના અંક સાથે આપણી સભા તરફથી પ્રકાશિત થયેલ ચૈત્રી પંચાંગ વહેંચવામાં આવેલ છે અને તેમાં ભા. શુ. ૨નો ક્ષય કરી શ્રાવણ વદિ ૧૧ ને સોમવારથી પર્યુષણના આરંભ કરી ભાદરવા શુદિ ૪ સોમવારે સંવત્સરી કરવાનું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ત્યાર-બાદ ભા શુ. ૩ ના ક્ષય સંબંધી સમાજમાં ચર્ચા ઉપસ્થિત થતાં ઘણો ઊહાપોહ થયો.

અશાડ વદિ ૮ ના રોજ અત્રેની વ્યાખ્યાનસભામાં આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તથા આ. મ. શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજીના આદેશ પત્ર વાંચવામાં આવ્યા અને ભાદરવા શુ. ૬ નો ક્ષય કરી ક્રમને નીચે પ્રમાણે પર્યુષણ આરાધના નિર્ણીત કરવામાં આવી.

| | | | |
|---|---|---|---|
| શ્રાવણ | વદિ ૧૨ | મંગળવાર | પર્યુષણ પર્વનો પ્રારંભ. |
| શ્રાવણ | વદિ ૦)) | શુક્રવાર | કલ્પધર. |
| ભાદરવા શુદિ | ૧ | શનિવાર | શ્રી મહાવીર જન્મવાંચન. |
| ભાદરવા શુદિ | ૨ | રવિવાર | તેલાધર. |
| ભાદરવા શુદિ | ૪ | મંગળવાર | સંવત્સરી. |

## સભાની ૬૭ મી વર્ષગાંઠ

શ્રાવણ શુદિ ત્રીજ ને શનિવારના રોજ આપણી સભાની ૬૭ મી વર્ષગાંઠ નિમિત્તે પ્રાતઃકાળે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી બાર વ્રતની પૂજા ભણા-વવામાં આવી હતી. શ્રી જીવરાજભાઈના પૌત્ર વિનોદરાયના સ્વર્ગવાસને અંગે બપોરના સભાસદોનું યોજવામાં આવેલ સ્નેહ-સંમેલન મોકુફ રાખવામાં આવેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## ખેદકારક સ્વર્ગવાસ

આપણી સભાના પ્રમુખ શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી દોશીના પૌત્ર શ્રી વિનોદરાય વિઠ્ઠલદાસ માત્ર ત્રેવીશ વર્ષની વયે પાંચ-છ દિવસની ટૂંક બીમારી ભોગવી અશાડ વદિ ૧૩ તા. ૩ જુના રોજ મુંબઈખાતે સ્વર્ગવાસી થયા છે. સ્વર્ગસ્થે L. C. P. S. ની પરીક્ષા પસાર કરી હતી અને છેલ્લા ત્રણ-ચાર માસથી હરકિશનદાસ હોસ્પીટલમાં હાઉસ સરજન તરીકે કાર્ય કરતા હતા. સ્વભાવે મિલનસાર, કુશળ અને ચતુર હોવાથી તેમણે પોતાના સહકારી મિત્રોના દિલ જીતી લીધા હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ પ્રાર્થીએ છીએ અને તેમના કુટુંબી જનો પર આવી પડેલ આ આફતમાં હમદર્દી દર્શાવીએ છીએ.



## વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૯

જેની ઘણા સમયથી માગણી રહે છે તે **વિવિધ પૂજા સંગ્રહ** અમારી પાસેથી મળી શકશે. નવ વિભાગમાં પં. શ્રી વીરવિજયજી, રૂપવિજયજી, પદ્મવિજયજી, ઉ૦ યશોવિજયજી વિગેરે પૂર્વાચાર્યોની તેમજ અર્વાચીન પૂજાઓ આપવામાં આવી છે સ્નાત્રપૂજાઓ, શાંતિજિન કળશ, અઢીસેં અભિષેક, પૂજા ભણાવવામાં ઉપયોગી થઇ શકે તેવા દુહાઓ તેમજ આધ્યાત્મિક પદો વિગેરેનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પૃષ્ઠ ૬૮૦, પાકું બાઇંડીંગ છતાં **મૂલ્ય માત્ર રૂા. ત્રણ.**

---

## વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત.

આ ગ્રંથની બીજી આવૃત્તિ ખલાસ થઇ ગયાને ઘણો સમય થઇ જવાથી તેની વારંવાર માગણી રહેતી હોવાથી છાપકામ વિગેરેની **મોંઘવારી** છતાં આ ઉપયોગી ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. આ જ્યોતિષના અદ્ભુત ગ્રંથમાં બારે માસના વાયુનો વિચાર, સાઠ વર્ષનું ફળ, શનિ નક્ષત્રના યોગનું ફળ, અયન, માસ, પક્ષ, દિન, વર્ષરાજાદિકનો અધિકાર, મેઘગર્ભ, તિથિફળ, સૂર્યચાર, ગ્રહણ, શકુનનિરૂપણ, તેજીમંદી સ્વરૂપ, ધ્રુવાંક, હસ્તરેખા-વિગેરે વિષયોનો સમાવેશ કરેલ છે; છતાં કિંમત રૂા. ૬।।, પોસ્ટેજ અલગ.

લખોઃ- **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

---

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ—મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુલ્હરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યા છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મુલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ બે આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.


For Private And Personal Use Only